ISSN 0976 - 9809 V-Vidyanagar
વર્ષ : ૧૬ અંક : ૧ જાન્યુઆરી ૨૦૧૪ સળંગ અંક : ૫૦૭

# વિ-વિદ્યાનગર








चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR




આણંદ-વિદ્યાનગરની શિક્ષણ સંસ્થાઓ ચારુતર વિદ્યામંડળ(સીવીએમ), શ્રી રામકૃષ્ણ સેવામંડળ, ચરોતર એજ્યુકેશન સોસાયટી અને સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક)ના સંયુક્ત ઉપક્રમે અને આણંદ નગરપાલિકાના સહયોગથી આયોજિત ચાર દિવસીય યુવામહોત્સવ 'ઉડાન ૨૦૧૩'ના ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ 'સાંઈબાબા' ફેઈમ મુકુલ નાગને સ્મૃતિચિહ્‌ન અર્પણ કરતા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ. ઉપસ્થિતોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, આણંદ નગરપાલિકાપ્રમુખ શ્રી પ્રજ્ઞેશ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી શ્રી રાજેશ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દીપકભાઈ સાથી, સ્પેકના અધ્યક્ષ શ્રી ગિરીશ પટેલ સહિતના મહાનુભાવો દશ્યમાન છે. (તસવીરોઃ સલીમ - મમતા સ્ટુડિયો)




આણંદ-વિદ્યાનગરની શિક્ષણ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા યુવામહોત્સવ 'ઉડાન ૨૦૧૩'ના સમાપન સમારંભમાં અધ્યક્ષીય ઉદ્‌બોધન કરી રહેલા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ. મંચસ્થ મહાનુભાવોમાં મુખ્ય અતિથિ અભિનયસમ્રાટ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશ પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, શ્રી રામકૃષ્ણ સેવામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ, ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી કે.ડી. પટેલ, સ્પેકના મંત્રી શ્રી શીતલભાઈ પટેલ, 'ઉડાન ૨૦૧૩'ના અધ્યક્ષ શ્રી કનુ પટેલ તથા સંયોજક શ્રી કૃષ્ણ પડિયા હતા. ઈન્સેટમાં અભિનયસમ્રાટને સ્મૃતિચિહ્‌ન એનાયત કરતા 'ઉડાન ૨૦૧૩'ના પ્રણેતા ડૉ. પટેલ.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જાન્યુઆરી ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૧

(સળંગ અંક ૫૦૭)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते



**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જાન્યુઆરી ૨૦૧૪
વર્ષ : ૧૬ અંક : ૧
(સળંગ અંક ૫૦૭)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।**
**अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥**

**તપું હું, જળને ખેંચું, મેઘને વરસાવું હું;**
**અમૃત હું, હું છું મૃત્યુ, સત ને અસતેય હું.**

શ્રીમદ્ ભગવદ્ગીતા : ૯:૧૯

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ સરદારની વિરાટ પ્રતિમા અને આપણે ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ નવા વિકલ્પોનું વર્ષ ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ નારાયણ દેસાઈ / 2
॥ ગદ્ય વિભાગ ॥ ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું? ★ મો. ક. ગાંધી / 3
॥ નવાં કાવ્યો ॥ ★ ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રફુલ્લા વોરા, મંગળ રાવળ'સ્નેહાતુર', રાકેશ હાંસલિયા / 4
॥ પર્વ ॥ સંક્રાંતિ ★ કાકાસાહેબ કાલેલકર / 5
॥ વ્યાખ્યાન ॥ સર્જક અને સ્વાતંત્ર્ય ★ ધીરુ પરીખ / 7
॥ વ્યાખ્યાન ॥ આજની પેઢી માટે સરદારનો વારસો ★ મકરન્દ મહેતા / 11
॥ વ્યાખ્યાન ॥ મારી સંશોધન યાત્રા ★ જોરાવરસિંહ જાદવ / 16
॥ ચિંતન ॥ શિક્ષિત એટલે... ★ પ્રિ. કેશુભાઈ પટેલ / 19
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ સ્વાઈન ફ્લૂ : જૂનો રોગ, નવો પડકાર ★ યોગેશ આર. પટેલ / 20
॥ આરોગ્ય ॥ ડાયાબિટીસની સારવાર ★ યોગેશ દેવલે, એ.આર.વી. મૂર્તિ/ 23
॥ સુવાચક ॥ અંગ્રેજી કવિતાનો ગુજરાતી અવતાર ★ જ્યોતીન્ પટેલ / 24
॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્ત્રીઃ માતા, બહેન અને વધૂ ★ પારુલટીના દોશી / 25
॥ વિદ્યાવૃત્ત ॥ / 26

<u>આ માસની વિચારકણિકા</u>

**ઈસ ઝમાને મેં વફા કી તલાશ ન કર,**
**વો વક્ત ઔર થા જબ મકાન કચ્ચે ઔર**
**લોગ સચ્ચે હુઆ કરતે.**

• મિર્ઝા ગાલિબ

# સરદારની વિરાટ પ્રતિમા અને આપણે

અત્યારે દેશ-વિદેશમાં જેમના નામે સૌથી વધુ ઉત્સુક્તા જાગી છે એવા ચરોતરના સપૂત અખંડ ભારતના શિલ્પી, ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપનાના પ્રેરણાપુરુષ, ગાંધીજીના સહકાર્યકર, આઝાદીની લડતના અગ્રદૂત તેમ જ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન, ગૃહપ્રધાન, રિયાસત ખાતાના પ્રધાન તથા માહિતી અને પ્રસારણ પ્રધાન સરદાર પટેલ વિશેના પ્રશ્નોના સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગેની સમગ્ર દેશમાં સૌ પ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થા 'સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વકર્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલિપ)'ની ૨૦૦૯માં સ્થાપના કરનાર ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે આપેલા ઉત્તરો અહીં પ્રસ્તુત છે.

ડૉ.પટેલના નેતૃત્વમાં ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ સીવીએમે સેરલિપની સ્થાપના સરદાર પટેલના ઋણસ્વીકાર તરીકે કરી હતી અને અત્યારે સેરલિપમાં સરદાર સાહેબના જીવન અને કાર્યો અંગે ઈતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં એમ.ફિલ.અને પીએચ.ડી.ના અભ્યાસક્રમ ચલાવાય છે. દેશ-વિદેશમાં સરદાર પટેલ સ્ટડીઝના અભ્યાસઉત્સુકોને સંશોધન સુવિધા પૂરી પાડવા ઉપરાંત સરદાર વિષયક પ્રકાશનો, ચર્ચાઓ, પરિસંવાદો અને સ્પર્ધાઓનું આયોજન કરવા સેરલિપ કૃતસંકલ્પ છે. સરદાર પટેલના વ્યક્તિત્વ અને વિચાર-કાર્યનો સૌને પરિચય મળે એવો એની સ્થાપના પાછળનો શુભ હેતુ છે.

**સરદારની આટલી વિરાટ પ્રતિમા નિર્માણ પામવા જઈ રહી છે, ત્યારે સૌ પ્રથમ તમારી શું પ્રતિક્રિયા છે ?**

આઝાદી પ્રાપ્ત કરતાં પહેલાં અને પછી સરદાર સાહેબનું જે યોગદાન આ દેશમાં છે તે ભાવિ પેઢીની જાણમાં રહે તે માટે સરદારશ્રીની વિરાટ પ્રતિમા તેમના ગૌરવમાં વધારો કરશે. આ દેશના અને વિદેશના જે કોઈ લોકો સરદાર અને દેશના બલિદાન અંગે જાણતા નહીં હોય તે આ વિરાટ પ્રતિમાની રૂબરૂ મુલાકાત લેતાં તેમના માટેની જાણકારી મેળવી શકશે. જેથી કરીને આ અંગે કોઈ મતમતાંતર હોવું ના જોઈએ.

**શું તમને એવું લાગે છે કે સરદાર પર રાજકારણ થઈ રહ્યું છે ?**

કોઈપણ સમાજ કે દેશ કોઈ વિશિષ્ટ મહાનુભાવે જીવનમાં પ્રદાન કરેલા યોગદાન માટે કોઈપણ રાજકીય પક્ષ તેનો ઉપયોગ કરે તેમાં કોઈ બંધન હોવું જરૂરી નથી. ભગવાનમાં માનનાર અસંખ્ય લોકો ભગવાનને જુદી જુદી રીતે યાદ કરે છે, ભજે છે તેવી જ રીતે સરદારને યાદ કરનાર વ્યક્તિ, સમૂહ કે રાજકીય પક્ષ હોય; તેઓ સરદાર સાહેબ માટેનો ભાવ પેદા કરે તે માટે કાંઈ ખોટું નથી. તે માટે કોઈ વિરોધવંટોળ વ્યાજબી નથી. સરદાર આખા દેશના હતા. તે રીતે દેશમાં કાર્યરત કોઈપણ રાજકીય પક્ષ સરદારના નામે કાંઈપણ પ્રયાસ કરતો હોય તો તેને રાજકારણમાં ના ખપાવવું જોઈએ તેવું મારું માનવું છે.

**સરદારની પ્રતિમા બનાવવાથી ગુજરાતને શું ફાયદો થશે ?**

ગુજરાતે દેશને મહાત્મા ગાંધી અને સરદાર આપ્યા. મહાત્મા ગાંધીએ કોઈ વિશિષ્ટ કુટુંબમાં જન્મ લીધો હતો. તેમના દાદા દીવાન હતા. પરંતુ સરદાર પટેલ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા હતા.તેમણે પોતાના જીવનના યોગ્ય ઘડતર માટે શિક્ષણ પ્રાપ્ત કર્યું, મહાત્મા ગાંધીની ચળવળમાં જોડાયા અને દેશની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની ચળવળમાં જોડાયા તથા આઝાદી બાદ દેશને સંગઠિત કરી મુત્સદ્દીગીરીનો પરિચય કરાવ્યો. સનદી અધિકારીઓને પણ આઝાદી બાદ દેશ માટે સમર્પિત થવા

તેમનામાં ઉત્સાહ જગાવ્યો. આ બધું જાણીને ગુજરાતની ભાવિ પેઢી તેમાંથી કાંઈક બોધ લે તે માટે સરદારની પ્રતિમા તેમને પ્રેરણા આપશે.

**એક દાયકા પહેલાં ગુજરાતમાં કોંગ્રેસ સરકાર રાજ કરતી હતી. પરંતુ તેઓએ સરદારનું આટલું પ્રમોશન કર્યું નથી. તો મોદી સરકાર શા માટે સરદારનું માર્કેટિંગ કરી રહી છે. આ અંગે તમારો શું મત છે?**

આઝાદી કાળથી આપણે જોતા આવ્યા છીએ કે ૧૯૪૬માં કોંગ્રેસના પ્રમુખની વરણી થકી પ્રથમ વડાપ્રધાનની પસંદગી સમયે પણ ૧૪ માંથી ૧૨ રાજ્યોની પ્રાંતિક કોંગ્રેસ સમિતિએ સરદાર પર પસંદગી ઢોળી હતી છતાં પણ મોતીલાલ નેહરુના સમયથી નેહરુવાદને જે ઉત્તેજન મળતું રહ્યું છે અને તે વખતે પણ સરદારની અવગણના થઈ હતી. તે શિરસ્તો આજના દેશના અને ગુજરાતના કોંગ્રેસીઓમાં ચાલુ છે. એ રીતે ગુજરાતમાં જ્યારે કોંગ્રેસની સરકારો હતી ત્યારે સરદારનું કોઈ પ્રમોશન કરવામાં આવતું નહોતું. પરંતુ જ્યારે ભાજપની સરકાર હોય ત્યારે સરદારશ્રીનું આવું પ્રમોશન કરે તેને માટે ટીકાટિપ્પણ યોગ્ય નથી.

**શું તમે માનો છો કે નરેન્દ્ર મોદી સરદારની વિચારસરણી ધરાવે છે ?**

મારા માનવા પ્રમાણે જ્યારે નરેન્દ્ર મોદીને સારાય ગુજરાતે સ્વીકાર્યા હોય અને ગુજરાતની પ્રજા તેમનામાં સરદારનો ગુણ નીરખતી હોય ત્યારે એમને માટે કોઈ પ્રમાણપત્ર આપવું કે નરેન્દ્ર મોદી સરદારની વિચારસરણી ધરાવે છે કે કેમ એ વિશે વધુ કાંઈ કહેવાની જરૂર નથી.

**પ્રતિમાના રક્ષણ માટે સરકારે શું જોગવાઈઓ કરવી જોઈએ ?**

જે સરકાર સરદારશ્રીની આવડી ભવ્ય પ્રતિમા માટે આયોજન કરતી હોય ત્યારે તેણે એની જાળવણી અને સુરક્ષાની જવાબદારીનું પણ વિચાર્યું જ હશે એવું મારું માનવું છે.

**આટલી વિરાટ પ્રતિમા નિર્માણ પામવા જઈ રહી છે તો તેની પર્યાવરણ પર શું અસર થશે ?**

આટલી વિરાટ પ્રતિમાની પર્યાવરણ પર કાંઈ અસર નહી થાય. પર્યાવરણને કોઈ નુકશાન ના થાય તેની સરકારે કાળજી લીધી હશે.

**સરદાર પોતે પોતાની પ્રશંસા અંગે શું માનતા હતા?**

સરદાર પોતે જે કંઈ કાર્યમાં જોડાતા અને પૂરું કરતા તેનો યશ મહાત્મા ગાંધીને આપતા, જેથી પોતાના કાર્ય કે યોગદાન વિશે તેમની પોતાની પ્રશંસા ના થાય તેવું વાતાવરણ ઊભું કરતા હતા.

**ભૂતકાળમાં કોઈ સરકારે સરદારના વિચારોને શાશ્વત રાખવાનો પ્રયાસ કર્યો હતો ખરો ?**

ખાસ કરીને સરદાર સાહેબની યાદ તાજી રહે તે માટે ભૂતકાળમાં કોઈ સરકારોએ ખાસ પ્રયત્ન કર્યો હોય તેવું મારી જાણમાં નથી. એકમાત્ર બાબુભાઈ જશભાઈ પટેલની સરકારે અમદાવાદમાં રાજભવનને સરદાર સ્મારકમાં ફેરવાવ્યું અને નર્મદા પ્રોજેક્ટને સરદારને સમર્પિત કરાવ્યો હતો.

(અમદાવાદના 'યુનિવર્સ' મેગેઝિનના તંત્રી શ્રી પ્રહ્લાદ પ્રજાપતિ સાથેની પ્રશ્નોત્તરીને આધારે)

(૧૩ ડિસેમ્બર ૨૦૧૩)

સી.એલ.પટેલ

## નવા વિકલ્પોનું વર્ષ

સૌને ઈશુના નૂતન વર્ષનાં અભિનંદન પાઠવતાં વર્ષ ૨૦૧૪ ભણીનો દૃષ્ટિપાત પ્રત્યેક ક્ષેત્રમાં નવા વિકલ્પોના વર્ષ તરીકે એની આગોતરી અનુભૂતિ કરાવે છે. જીવનના પ્રત્યેક ક્ષેત્ર પર છવાઈ જતા રાજકીય પ્રવાહોની દૃષ્ટિએ તો નવું વર્ષ અને એના પ્રથમ છ મહિના ચમત્કારિક રહેવાની અપેક્ષા દેશનો આમઆદમી કરી રહ્યો છે. વીતેલા વર્ષ ૨૦૧૩માં નવી હવા લઈને રાજકીય ફલક પર છવાઈ જનારા ગુજરાતના મુખ્યમંત્રીમાંથી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર બનેલા નરેન્દ્ર મોદીની સાથે જ જનઆકાંક્ષાઓના પ્રતીક તરીકે દિલ્હીમાં અન્ના હઝારેના આંદોલનમાંથી પ્રગટેલા રાજધાની દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સમગ્ર દેશની રાજકીય હવાને બદલી નાંખવાની ક્ષમતાનાં દર્શન જરૂર કરાવે છે. જોકે છ મહિના કરતાં વધુ સમય એમને દિલ્હીની ગાદીએ મળે અને શાસનની મોકળાશ મળે તો પ્રસ્થાપિત બેઉ મુખ્ય પક્ષ કોંગ્રેસ અને ભાજપ માટે લલાટે પ્રસ્વેદબિંદુ સર્જવાની ત્રેવડ કેજરીવાલની સેનામાં જરૂર જણાય છે. દિલ્હી રાજ્ય હજુ પૂર્ણ દરજ્જાના રાજ્યની અવસ્થાએ પહોંચ્યું નથી, એટલે કેજરીવાલની લંગડાતી સરકાર વીઆઈપી કલ્ચરની નાબૂદી, સરકારી બંગલાનો અસ્વીકાર અને રાજકીય ધનસંસ્કૃતિના નિરાકરણ થકી પ્રજાને આપેલાં વચનો પરિપૂર્ણ કરવામાં કેટલી પાર ઉતરશે એના ભણી સૌની મીટ ખરી. આગામી મે મહિનાની સામાન્ય ચૂંટણી સુધી તો બધાયનું નીરક્ષીર થઈ જશે. કોંગ્રેસને રકાસમાંથી રાહુલ ગાંધીની જાદૂઈછડી કઈ રીતે બચાવી શકશે કે મોદી માટે ચલાવાતી ‘૨૭૫ પ્લસ’ની ઝુંબેશ કેટલી સફળ રહેશે કે પછી ફરી અટલબિહારીના યુગની ગઠબંધનની રાજનીતિ કેન્દ્રમાં નવાં સરકારી સમીકરણો રચશે એના પર સુપરપાવર અને વિશ્વગુરુ થવા ભણીની ‘ઈન્ડિયા ધેટ ઈઝ ભારત’ (બંધારણમાં આપણા દેશનું આવું જ નામ છે!)ની અવસ્થા નક્કી થઈ જશે.

૨૬ જાન્યુઆરી ૨૦૧૪ના પ્રજાસત્તાક દિને ભારતનું જે ચિત્ર ઉપસી રહ્યું છે તે, વાયા મેની સામાન્ય ચૂંટણી, ૧૫ ઑગસ્ટ ૨૦૧૪ના સ્વતંત્રતા દિને લાલકિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવનાર વડાપ્રધાનનું કેવું ચિત્ર ઉપસાવશે એ ભણી સમગ્ર દેશ જ નહીં, વિશ્વની પણ દૃષ્ટિ મંડાયેલી છે. ભારતમાં દૂધની નદીઓ અને સોનાના ભંડારોનો યુગ અસ્તાચળે પહોંચ્યા પછી ફરીને ભારત વિશ્વફલક પર ઉગતો સૂરજ બને એવી સોનેરી આવતીકાલોની પ્રતીક્ષા છે.

૧૯૯૧ પછી આરંભાયેલા ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના યુગમાં ‘ઈન્ડિયા ધેટ ઈઝ ભારત’માંથી આપણે ઈન્ડિયા રહીશું કે ભારત એનું નિર્ધારણ આર્થિક પલટાઓ અને શૈક્ષણિક પરિવર્તનો કરશે. વૈશ્વિક દોડમાં આપણા અસ્તિત્વ સામેના પડકારો અને અજમાવાતાં વૈકલ્પિક મૉડેલની સફળતા-નિષ્ફળતાઓને ઘરઆંગણે રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ તેમ જ વિશ્વફલક પર દુનિયાના ફોજદાર અમેરિકા સહિતનાઓના વિસ્તરતા પ્રભાવનો આવતા વર્ષ દરમિયાન અંદાજ મેળવવાનું નિર્ણાયક બનશે. ક્યારેક જંગલી યુરોપ સુસંસ્કૃત થઈ રહ્યું હતું અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અગ્રેસર ભારત ચોફેર અજવાળું પાથરી રહ્યું હતું એ ગાંધીજીના ‘હિંદસ્વરાજ’માં છેક સો વર્ષ કરતાંય વધુ વર્ષ પૂર્વે આલેખાયેલી ભોગ અને ત્યાગની નવસંસ્કૃતિનો ટકરાવ આપણને ક્યાં લઈ જશે એને અનુભવવા કે તીરે રહી નિહાળવાનું રસપ્રદ થઈ રહેશે. આ બધાના અણસાર આપણને ઈશુના વર્ષ ૨૦૧૪માં મળશે. એવી આગેકૂચની દિશા પણ કંડારાશે. સૌને નવા પડકારોની વચ્ચે ટકી રહેવા અને યોગ્ય દિશા ભણી પ્રગતિ કરવા માટેની શુભેચ્છા.

(૨૮ ડિસેમ્બર ૨૦૧૩) • **હરિ દેસાઈ**

**(રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો નિર્વાણ દિવસ ૩૦ જાન્યુઆરીએ આવતો હોઈ ગાંધીકથા ગીતો અહીં પ્રસ્તુત છે.)**

### ('અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તક વાંચ્યા પછી જીવન પરિવર્તન)

જીવન નવલાં કરવાં અમારે જીવન નવલાં કરવાં. અમારે...

નગરતણી મહેલાતો મૂકી વગડે જઈને વસવાં
પર-પરસેવે જીવવા કરતાં બહેતર છે રે મરવાં. અમારે...

મોજશોખનું જીવન જીવી રોગ નથી નોતરવા,
મહેનતકશ થઈ જીવી જગમાં સાચાં સુખ અનુભવવાં. અમારે...

કુદરત કેવી મહેર કરીને દેહ દીએ છે નરવા
કુદરતના ખોળા ખૂંદીને ચિત્ત પ્રફુલ્લિત કરવાં. અમારે...

પોતપોતાનાં ગજાં મુજબનાં કામો હાથે ધરવાં
જરૂર જેટલું સૌ કો પામે પેટના ખાડા પૂરવા. અમારે...

મહેનત-ફૂલ ખીલે અમ બાગે મહેનત આંબે મરવા
મહેનતનો જય ગાઈ નિરંતર હરિચરણે ચિત ધરવાં. અમારે...

• • •

### (પોશાકમાં ફેરફાર)

મુજને રે! મુજને રે!
મુજને આવાં વસ્ત્રો પહેરી શીખ દેવાનો શો અધિકાર!
ગરીબ ગુરબાની જોઉં હું જ્યારે
વસ્ત્ર વિનાની આ વણઝાર!
મુજને આવાં વસ્ત્રો પહેરી શીખ દેવાનો શો અધિકાર!
શો અધિકાર, શો અધિકાર!
કંઈક દીઠાં જાતે મેં એવાં હાલતાં ચાલતાં કંકાલ જેવાં
એક જ્યાં ઝૂંપડે લાજ છિપાવે
બીજું શકે ત્યારે નીકળી બહાર.

મેં તો જાતે વસ્ત્રો ધાર્યાં ઠાઠ માઠના પંચ પસાર
એમ કરંતાં હું જે પહેરું એટલાના અધિકારી ચાર.
ચાહીને મેં તો વહોરી ગરીબી,
વસ્ત્રોનો કીધો પરિહાર
જેની સેવાને કાજે હું નીસર્યો તેના જેવો થાઉં આ વાર.
મારી ગરીબી માગીને લીધી, ગરીબી મારો છે શણગાર.
મમ અંતરના તાર મિલાવે એની સાથે જે લાચાર.
એમને જો હું ઉદ્યમ આપું વાપરે બાવડાં જોર લગાર
સ્વરાજ કેરો સ્વાદ એ ચાખે વાપરે જ્યારે નિજ ઓજાર.

### (ગાંધીબાણના જાણતલ)

ગાંધીબાણ વાગ્યાં રે હોય તે જાણે
એ તો જીવનને ધન્ય ધન્ય માને. હો ગાંધીબાણ...

દક્ષિણ આફ્રિકે મગનલાલને વાગ્યાં –
આશ્રમના પ્રાણ કહી વખાણે.
ચારે આશ્રમ એણે એકમાં સમાવ્યા
ચારેનો મર્મ જીવી જાણે. હો ગાંધીબાણ...

વલિઅમ્માને વાગ્યાં, નાગપ્પનને વાગ્યાં –
હરબંસે પાથર્યા પ્રાણે
મહમદ કાછલિયા, કેલનબેકને વાગ્યાં
મિલકત ફના કરી જાણે. હો ગાંધીબાણ...

દેશભક્તો ને મુમુક્ષુઓને વાગ્યાં –
બંનેને એક સાથ આણે
ક્રાંતિ – મુક્તિની વાટ એક જ બતાવી એણે
સત્યાગ્રહ દર્શન પ્રમાણે. હો ગાંધીબાણ...

વલ્લભ, જવાહર, રાજેન્દ્રજીને વાગ્યાં –
હાકલ પડી જેવી કાને
બત્રી લખ્ખણા એવા કૈં કૈંને વાગ્યાં
દઈ દીધાં જીવન બલદાને. હો ગાંધીબાણ...

મીરાને વાગ્યાં, સરોજિનીને વાગ્યાં –
સ્ત્રીઓની શક્તિ પિછાણે
માતા કસ્તુરબા ને મહાદેવને વાગ્યાં
ઠરી બેઠાં ઠેકાણે. હો ગાંધીબાણ...

રવિશંકરદાદાને હેંડતા કીધા એણે
સાચા બહારવટાના જ્ઞાને.
સંત વિનોબાને દીક્ષા દીધી એણે
સત્ય પ્રેમ કરુણાના ગાને. હો ગાંધીબાણ...

ધૂળમાં આળોટતા આ બાબલાને વાગ્યાં –
સૂતરને તાંતણે તાણે.
છેક નાનપણથી એણે તો માણ્યા
નાચી ગાઈને એ વખાણે. હો ગાંધીબાણ...

• **નારાયણ દેસાઈ**
('ગાંધીકથા ગીતો'માંથી)

## ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું?

આજે મને ભાષણ કરવા માટે અત્યારે અડધો કલાક અને સાંજના એક કલાક મળી દોઢ કલાક સુધીનો વખત આપવામાં આવ્યો છે. પણ તેટલો બધો વખત સુધી (ભાષણ) આપવું, અને તેને તમારે પચાવવું, એ મારી સત્તાની બહાર છે. મારે જ્યાં જઈ બોલવાનું થાય છે, ત્યાં ત્યાં હું ટૂંકથી પતાવું છું. હું ૩૦ વર્ષ સુધી ઘણું ભટક્યો છું. મેં જોયું છે કે જ્યાં અત્યંત બોલવાનું હોય છે, ત્યાં કામ કરવાનું ઘણું જ ઓછું હોય છે. અને એ દોષ આખા હિંદુસ્તાન ઉપર મુકાતો આવ્યો છે. આ દોષ માટે આપણે લાયક છીએ. માત્ર ભાષણો અને વ્યાખ્યાનોનો ખોરાક મળે છે, એમાંથી આપણે ક્યારે મુક્ત થઈશું? આપણી જિંદગીમાં જેટલો વખત ભાષણો સાંભળવામાં આપણે ગાળ્યો છે, તેટલો જ વખત જો કાર્ય કરવામાં ગાળ્યો હોત તો આજે હિંદુસ્તાન સ્વરાજના પગથિયા ઉપર આવ્યું હોત. વ્યાખ્યાનો સાંભળવાથી કંઈ સ્વરાજ મળવાનું નથી. સ્વરાજ તો બલિદાન આપવાથી અને લાયકાત મેળવવાથી જ મળે છે. ભાષણ માટે રાખવામાં આવે છે તેટલો વખત જો અત્રે બેઠેલ માણસને એક્કેક પાવડો આપી, અત્રે જેટલી જમીન છે તેટલી ખોદાવી તેમાં કાંઈ વાવેતર કરવામાં આવે, તો આવતે વર્ષે કાંઈ ને કાંઈ પણ સારો પાક ઊગશે જ.

માત્ર વ્યાખ્યાનો સાંભળવાથી કામો થતાં હોય અને આપણાં દરદો મટતાં હોય તો ઘણે ઠેકાણે 'ભાગવત'નાં પારાયણો થાય છે અને તે સાંભળવાને ઘણા શ્રોતાઓ બેસે છે. પણ કેટલાક તો ઝોકાં ખાતાં હશે. માત્ર સાંભળવાથી બધું મળી જતું હોય, તો પછી બીજું કર્તવ્ય કરવાની જરૂર જ નથી. બ્રાહ્મણો કથા-પુરાણ વાંચે, એટલે આપણો ઉદ્ધાર થયો. આમ હિંદુસ્તાનના લોકોને સાંભળવાનો, બોલવાનો અને એનાં વખાણો કરવાનો બહુ શોખ છે. તે કાર્યમાં તેઓ ગાંડાતૂર બની જાય છે. પણ આમ કરતાં જો મૌન ધારણ કરવામાં આવે, તો તેથી ઘણું શીખવાનું મળી જાય તેમ છે. બોલવાથી કોઈ જાતનું મનન થઈ શકતું નથી. પણ તમે કોઈ પણ કાર્ય કરશો, તો તેમાંથી લોકોને સારઅસાર ગ્રહણ કરવાનો મળશે.

પરિષદો અને ભાષણો, એ બધાંથી હું થાક્યો છું, અને હું મારો અવાજ સાંભળીને પણ હવે કંટાળી ગયો છું. કાર્ય કરવા જે મનોબળ જોઈએ, તે નહીં હોવાથી પરિષદો મેળવીએ છીએ. આખા દેશમાં એમ થાય છે.

મને આ સભાઓમાં અને આ ઠરાવોમાં શ્રદ્ધા નથી. સભાઓ ભરવી અને તેમાં ઠરાવો પસાર કરવા, એ કેવળ સમયની બરબાદી છે.

આપણે માટે હવે પરિષદો ભરવાનો કાળ ગયો છે અને કંઈક કરી બતાવીને છાનામાના બેસી જવાનો કાળ આવ્યો છે. કારણ કે એવું કાર્ય કરી બતાવ્યા પછી જે કાંઈ બોલાશે, તેની અસર લોકો ઉપર જુદી હશે.

તમે જોશો તો યુરોપમાં આપણા દેશની માફક વ્યાખ્યાનો થતાં નથી. કારણ તેઓને સાંભળવાની ફુરસદ નથી. તેઓ હાલ પ્રગતિમાં છે તેવી પ્રગતિમાં આવવા માટે આપણે સરકાર પાસે કેટલાક હકો માંગવાના અને મેળવવાના છે. એ હકો મેળવવા માટે બાથ ભીડવાની જરૂર છે. તેવા હકો મેળવવા માટે આપણે લાયક થવાની જરૂર છે. માટે વાંચી, વિચાર કરી, અનુકરણ કરી સરકાર સાથે સત્યને રસ્તે બાથ ભીડવાને લાયક બનો.

તમે જો એક ઘડીભર પણ એમ માનતા હશો કે આધ્યાત્મિક જીવન શબ્દ દ્વારા શિખાડી શકાય છે, તો તમે ભૂલો છો. મેં પણ ઘણાં ભાષણોનો સ્વાદ ચાખ્યો છે. હું એટલું કહેવા ઇચ્છું છું કે આપણે ભાષણો કરવામાં આપણી સામગ્રી લગભગ સાવ વાપરી ચૂક્યા છીએ. આપણા કાનને કે આંખને ખોરાક મળે, એ જ કંઈ પૂરતું નથી. આપણાં હૃદયને પણ પોષણ મળવું જોઈએ, અને આપણા હાથપગ પણ ચાલવા જોઈએ.

લખાણો આપણને કોઈ પણ દહાડો સ્વરાજ નથી અપાવવાનાં. ગમે તેટલાં ભાષણો પણ આપણને સ્વરાજ માટે લાયક નથી કરી શકવાનાં. આપણું ચારિત્ર્ય જ આપણને સ્વરાજ માટે લાયક બનાવશે. મારા આખા જાહેર જીવન દરિમયાન મને લાગ્યું છે કે આપણને જે વસ્તુની જરૂર છે, તે એક જ છે – અને તે ચારિત્ર્યની ખિલવણી. આપણા મહાન દેશભક્ત ગોખલેએ એમ કહ્યું છે કે જ્યાં સુધી આપણી મનોકામનાને ટેકો આપવા આપણી પાસે ચારિત્ર્યરૂપી બળ નથી, ત્યાં સુધી આપણને કંઈ મળશે નહિ, આપણે કશાને માટે લાયક થશું નહીં.

**– મો. ક. ગાંધી**

(૧૯૧૬માં સુરત, કાશી, મદ્રાસ, અમદાવાદ અને મુંબઈ આપેલાં ભાષણોમાંથી સંકલનઃ 'ગાંધીજીનો અક્ષરદેહ': ૧૩)
('અરધી સદીની વાચનયાત્રા'માંથી)

## આ રામધણીની ડેલી

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

આ રામધણીની ડેલી
ધરતી નીચે કીડી કોરે અચરજ એક હવેલી

પવન સરખી કોની કૂંચી
ઉઘડે કમળકમાડ!
સ્હેજ લસરકે રૂપરસગંધે
પરશે હાડોહાડ

ઉંબરેથી તે ઉંડળ લગની-મઘમઘ થાય ચમેલી
પલપલ સાકર હેલી
ગહનગોખમાં કૌન ગુરુકી
નામ વગરની ગાદી
ગાદી નીચે મરમ છિપાયા
બાત કીતની સાદી?

મન ઉપવનમાં કંકુ ચોખા કિયા હરખની હેલી!
આ રામધણીની ડેલી

(અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર)

## ફૂલની દુનિયા
(ગઝલ)

**પ્રફુલ્લા વોરા**

જાળવી લેજો મુલાયમ છે અમાનત ફૂલની,
રૂપ-રેખા ને સુગંધી છે નજાકત ફૂલની.

જો ખુશી, ગમ કે વ્યથા ચારે તરફ ઘેરાય તો–
ભીની ભીની યાદ આવે છે સખાવત ફૂલની.

મંત્ર એનો "હા સહું પણ ના કરું ઘા કોઈ પર."
એટલે દુનિયા સ્વીકારે છે કહાવત ફૂલની.

હોય મસ્તી ઉરમાં ને શબ્દ પણ બોલે નહીં,
તો ય કેવી આ મજાની છે શરારત ફૂલની?

દોસ્ત! નાતો એની સાથે બાંધવો સહેલો નથી,
જખ્મથી રંગીન લાગે છે શહાદત ફૂલની!

(બી-૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબર ફેક્ટરી સામે,
ભાવનગર – ૩૬૪ ૦૦૧. મો.: ૯૪૦૯૪૬૭૯૩૪)

## પિયરભણી...
(શિખરણી/સોનેટ)

**મંગળ રાવળ 'સ્નેહાતુર'**

ફરી ના દીઠું આઃ દઢ મન કરી જ્યાં શ્વસુરને–
દિસે છેલ્લી વારે, મણ મણ પગેઃ લોચન ઝરે!
વિતાવ્યાં જ્યાં વર્ષો ગહન દુઃખના મૌન દરિયે.
છતાં ના આટોપી ક્ષણિક ભૂલને રૌદ્ર પતિએ.

બપોરી મધ્યાને અડવણ પગે બાળ ઊંચકી
કહે હાલી જાતાં અનપઢ કલંકો નવ રખું–
વળી ગૃહે – ગૃહે જળ કિચૂડ કોશે ભરભરી
બનાવું સૌજન્યે અવધ સરખું ગામ નિજનું.

બની સૌનો બેટો પિટર ઘર રંગીન રમણાં
કરી જાણ્યાં કાર્યે, નવ અભણ રહ્યું શિશુગણે!
ઉખાડ્યાં વ્યસનોઃ ભજન ભીડ ચોકે વધે, છતાં–
કદી છુટ્ટાછેડા વિશે ન વિચરે રામણ દીવે!

મને હું જાણું કે વિષમવયની વાટ દમદમે,
પણે સંસ્કારોનું મૃદુલ જલ રેડું સમસમે!

(સર્વોદય આશ્રમ, સણાલી, તા. દાંતા, જિ. બનાસકાંઠા( ઉ.ગુ.)
પીનઃ ૩૮૫ ૧૧૦. મો.: ૯૭૨૭૫૮૭૭૧૦)

## ગઝલ

**રાકેશ હાંસલિયા**

ડાળમાં વ્યાપી નથી સ્હેજે હતાશા,
કૂંપળો ફૂટીને આપે છે ખુલાસા.

માર બુંદોનો સતત ખાતા રહીને,
પથ્થરોનાયે જુઓ તૂટ્યા છે વાંસા!

આજ પણ એનું સ્મરણ શબ્દો કરે છે,
જિન્દગીભર જેણે બોલી મૌન ભાષા.


ઘેન જેવું કૈંક છે વાતાવરણમાં,
સૂર્યને તેથી જ આવે છે બગાસા.

આ ઉંમરમાં છીપલાં ને શંખ શોભે,
બાળકો પકડીને કાં બેઠા છે પાસા?

હાથ ઝાલીને જરા સાથે તો ચાલો,
આવ ઠાલા ક્યાં સુધી દેશો દિલાસા?

નોતરું દીધું હશે 'રાકેશ' તેં ખુદ,
આંગણે આવે નહીં નહિતર નિરાશા.

(સિલ્વર ગોલ્ડ રેસી.-૩, 'સૌમ્ય', ગોલ રેસી. પાછળ,
નાના મવા રોડ, રાજકોટ-૫)



# સંક્રાંતિ
# (પોષ માસ)

**કાકાસાહેબ કાલેલકર**

પોષ માસમાં મહારાષ્ટ્રી મહારાષ્ટ્રીને મળે એટલે સંક્રાંતિના 'તિલગુળ' તો જરૂર આપે. સાયન પંચાંગ પ્રમાણે મકરસંક્રાંતિ – ઉતરાણ, બાવીસમી ડિસેમ્બરે થઈ, પણ આપણાં રૂઢ પંચાંગો પ્રમાણે તે ગયા રવિવારે ઊજવાઈ. એકબીજાને તલગોળ આપીને અમે બોલીએ છીએઃ 'तिलगूळ द्या आणि गोड बोला' કેમ કે તલમાં સ્નેહ છે અને ગોળમાં મીઠાશ છે. બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે એ સંકલ્પની એ નિશાની છે. વેદમાં એક મંત્ર છેઃ

मित्रस्य मा चक्षुषा सर्वाणि बूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा स्र्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुषा समीक्षामहे ।

(બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી – સ્નેહભાવથી – જુએ, હું બધા તરફ સ્નેહની દૃષ્ટિથી જોઉં છું. આપણે બધા સ્નેહની દૃષ્ટિએ જોઈએ.)

આ વૈદિક મંત્રનું જ મહારાષ્ટ્રના ભાવિક લોકોએ આવું મજાનું અને મિષ્ટ રૂપાંતર કર્યું છે.

• • •

જેમ માણસોની માણસો ઉપર છાપ છે તેમ કુદરતની પણ માણસો ઉપર છાપ પડે છે. એના શરીર ઉપર જ નહીં, પણ એના મન ઉપર, એની રહેણીકરણી ઉપર, એના આદર્શ ઉપર, એના સામાજિક જીવન ઉપર.

જેમ શ્રેષ્ઠ અથવા પૂજ્ય વિભૂતિની આપણા જીવન ઉપર અસર પડે છે તેમ કુદરતની ઘટનાની પણ પડે છે. કોઈ સગાંવહાલાંના મોતને લીધે જેમ આપણે હતોત્સાહ થઈએ તેમ સૂર્યનું ખગ્રાસ ગ્રહણ જોઈને પણ આપણે વિમનસ્ક થઈએ છીએ. મહાયુદ્ધ અને દુકાળ બંનેનાં આપણા ઉપર સરખાં જ પરિણામ થાય છે. પુત્રોત્સવ અને વસંતોત્સવ વચ્ચે સરખાપણું નથી એમ કોણ કહી શકે? શ્રીકૃષ્ણનો કંસ ઉપર, રામનો રાવણ ઉપર, બુદ્ધનો માર ઉપર વિજય થયે હજારો વર્ષ વીતી ગયાં છે, છતાં તે વિજયનો દિવસ જ્યારે ફરી ફરી આવે છે ત્યારે તે વિજયનો સંદેશો આપણને ફરી ફરી મળે છે. તડકાનો ટાઢ ઉપરનો વિજય કંઈ પ્રભાવમાં એથી ઊતરતો નથી. દર વર્ષની એ વાત છે એટલા માટે કંઈ તે ઓછી અસરકારક નથી. સૂર્યોદય રોજ થાય છે, છતાં સર્વ દેશમાં અને સર્વ ભાષાના કવિઓને તથા રસિકોને સૂર્યોદયની શોભા તથા એની ઉપમા ઉત્સાહદાયક જ લાગે છે.

મકરસંક્રાંતિ એ દિવસનો રાત્રિ ઉપરનો વિજય, તડકાનો ટાઢ ઉપરનો વિજય, પ્રવૃત્તિનો નિદ્રા ઉપરનો વિજય સૂચવે છે. અષાઢ મહિનાથી દીર્ઘન્તમા રાત્રિનો વિજય થતો હતો, દહાડે દહાડે પ્રવૃત્તિ ઓછી થતી હતી, સર્વત્ર એક જાતની ગ્લાનિ છવાઈ હતી, સૂર્યનાં કિરણ ઓછાં થતાં હતાં. દીપોત્સવ કરીને આપણે માંડ માંડ નવા વરસનો ઉત્સવ ઊજવ્યો, પણ ટાઢની કઠોરતા તો વધતી જ ગઈ. મહાત્મા સવિતા જાણે દક્ષિણમાં બંદીવાસમાં જ પડી ગયા. એ ક્યારે છૂટશે?

આપત્તિને પણ અન્ત હોય છે. સૂર્યનું દક્ષિણ તરફનું સંક્રામણ પૂરું થયું અને ઉત્તરાયણની શરૂઆત થઈ. સવિતાનાં કિરણો વધારે ને વધારે ફેલાવા લાગ્યાં, દિવસની પળો વધવા લાગી, રાત્રિની પળો ઓછી થવા લાગી, રાત્રિના સામ્રાજ્યનો ક્ષય શરૂ થયો, એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં, અને મહાત્મા સવિતા દક્ષિણ દિશાના બંધનમાંથી હવે જરૂર મુક્ત થવાના

એવી ખાતરી થવા લાગી. બસ, એ જ ભાવિ મુક્તિનો આનંદ તે મકરસંક્રમણ.

આ મકરસંક્રમણ આપણે કેવી રીતે ઊજવીએ? ગંગા નદીને કિનારે જઈને જુઓ. ત્યાં અસંખ્ય ભાવિક લોકો ગંગાના પટમાં ઝૂંપડીઓ બાંધી કેટલાય દિવસથી ત્યાં જ રહ્યા છે, ગંગા અને યમુનાનો હિંદુ ધર્મની સરસ્વતી સાથે જ્યાં સંગમ થાય છે ત્યાં હજારો લોકો પ્રયાગસ્નાનને માટે આવી રહેલા હું હમણાં જ જોઈ આવ્યો છું. સૂર્યોદય પહેલાં ઊઠીને નામસ્મરણ કરતા અને ભીષ્મમાતા ગંગાનો અથવા ધર્મભગિની યમુનાનો જયજયકાર પોકારતા તેઓ નાહવા જાય છે. યમુનામાં નહાય તે શું યમથી બીએ? પ્રયાગનું સ્નાન એ નિર્ભયતા અને દૃઢતાની દીક્ષા જ છે.

મકરસંક્રમણ એ જેટલો વિજયનો ઉત્સવ છે તેટલો જ સ્નેહ અને મીઠાશની વૃદ્ધિનો પણ ઉત્સવ છે. ભૂખ અને ટાઢથી ક્ષીણ થયેલા લોકો વરુની પેઠે એકબીજા સાથે લડે એમાં નવાઈ નથી; પણ પ્રકાશ અને સમૃદ્ધિમાં તે બધું ભૂલી જવું જોઈએ. માટે જ હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ઉત્તરાયણની શરૂઆતમાં તલ અને ગોળ એકબીજાને આપવાનો રિવાજ છે. શિયાળામાં તે પૌષ્ટિક ખોરાક છે. એટલા જ માટે નહીં, પણ સ્નેહ મીઠાશની વૃદ્ધિ સૂચવવા માટે તલમાં સ્નેહ છે (સંસ્કૃતમાં સ્નેહ એટલે તેલ) અને ગૉળમાં મીઠાશ છે. બધઆં ધાન્યોમાં તલની ઊપજ સૌથી વધારે હોય માટે જ તેની – પ્રેમની આપલે કલ્યાણકારક ગણેલી છે.

મકરસંક્રાંતિને દિવસે એકબીજાને તલગોળ આપી એકબીજાના જૂના અપરાધોને માટે ક્ષમા માગવાની પ્રથા જો હૃદયથી સ્વીકારવામાં આવે તો જરૂર સમાજમાં ઐક્ય અને ઉત્સાહ વધે અને વધતા સૂર્યની પેઠે દેશનું સૌભાગ્ય વધે.

ઉત્તરાયણનો આ સંદેશો ઉન્નતિકારક છે. સ્વરાજના દિવસોમાં તે આપણે ભૂલી ન જવો જોઈએ.

ઉત્તરાયણ પછી વસંતપંચમી, ત્યાર બાદ રથસપ્તમી કરી આખરે ભોગવિલાસને બાળી નાખી સંયમધર્મ સ્વીકારવા હોલિકોત્સવ કરવાનો હોય છે. ઋતુચક્રના પરિવર્તનમાં પણ ધર્મ રહેલો છે. કુદરત સાથે જેનો સહકાર તૂટ્યો નથી તે જ તે મેળવી શકે છે.

(તા. ૧૮-૧-'૨૩) ('જીવતા તહેવારો'માંથી)


## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.



# સર્જક અને સ્વાતંત્ર્ય

ધીરુ પરીખ

(આણંદમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૭મા અધિવેશનમાં પરિષદના વરાયેલા પ્રમુખ અને 'કુમાર'ના તંત્રીશ્રીના વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)

સહુ સાહિત્યપ્રિય અને સાહિત્યકાર મિત્રો,

આજે આપની સમક્ષ ઉપસ્થિત થતાં આનંદની લાગણી અનુભવું છું. ચરોતર એટલે કે ચારુતર પ્રદેશ એના જીવનલક્ષી અને રાષ્ટ્રલક્ષી અનેક પ્રવૃત્તિઓના સાતત્યથી ખ્યાતનામ છે. સરદાર વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ પટેલ, રવિશંકર મહારાજ, ભાઈકાકા, દરબાર ગોપાળદાસ અને ભક્તિબા, બાબુભાઈ જશભાઈ પટેલ, ઈશ્વર પેટલીકર, ઈશ્વરભાઈ પટેલ, એચ.એમ. પટેલ, સ્વામી સચ્ચિદાનંદ, આચાર્ય વિઠ્ઠલભાઈ પટેલ, ભીખુભાઈ પટેલથી લઈને આજના અનેક તરવરિયાં યુવક-યુવતીઓ દ્વારા આ પ્રદેશ વિવિધ કલાલક્ષી પ્રવૃત્તિઓથી, જીવનલક્ષી અભિગમથી ધબકતો રહ્યો છે.

તમે આજે પણ જોઈ શકશો કે આ સંસ્થાના આયોજકોએ જે રીતે આ અધિવેશનને માણવા માટે સતત ખડે પગે રહીને જે તૈયારીઓ કરી છે તે આજના સંદર્ભે સાહિત્યપ્રીતિની પરિચાયક છે.

આ વાતાવરણ વચ્ચે વક્તવ્ય આપવાનો છું ત્યારે આ પ્રદેશ સાથેનો મારો અંગત વિશેષ સંબંધ પણ યાદ આવી જાય છે. સોજિત્રાની એક ત્યકતા પટેલ મહિલા કમલાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડવાનું બન્યું અને એ મહિલાનો એક પત્ની તરીકે મને મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં જે સાથસહકાર સાંપડતો રહ્યો તેણે પણ મારી સાહિત્યિક કારકિર્દીમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેને પણ આજે વિનમ્રભાવે સ્મરી લઉં છું. વળી, યોગાનુયોગ આ પ્રસંગ એમની દ્વિતીય પુણ્યતિથિએ આયોજાયો છે તે પણ એક અધિક સ્મરણાંકન છે અને તેથી આજનું મારું વ્યાખ્યાન તે સ્મૃતિશેષને સમર્પિત છે.

આટલી અંગત ભૂમિકા પછી હવે હું મારા વ્યાખ્યાનના વિષય પર આવું છું. વ્યાખ્યાનના શીર્ષકમાં 'સર્જક' શબ્દ તેના ઉત્તરપદ 'સ્વાતંત્ર્ય'ને ઉભયાન્વયી 'અને'થી જોડે છે. ના, એ માત્ર જોડનાર નહિ પણ એનો પ્રાણાધાર છે.

આપણી પ્રાચીન તત્ત્વવિચારણા પ્રમાણે આ સૃષ્ટિનો સર્જનહાર બ્રહ્મા છે. આ બ્રહ્માએ જ મનુષ્યનું સર્જન કર્યું છે એટલે કે એ મનુષ્યનો સર્જકાવતાર પણ બ્રહ્માપ્રેરિત છે. બાઈબલમાં પણ આ સૃષ્ટિની ઉત્પત્તિ શૂન્યાંધકારમાંથી થયેલી જોવા મળે છે. આરંભમાં જ ઈશ્વરે કહ્યું કે 'પ્રકાશ થાઓ' (લેટ ધેર બી લાઇટ) 'અને પ્રકાશ થયો' (ઍન્ડ ધેર વૉઝ લાઇટ). આવા અલૌકિક આદેશથી, અલૌકિક બ્રહ્માની ઇચ્છાથી સૃષ્ટિનું સર્જન થયું છે.

તો આ જ રીતે 'અપર બ્રહ્મ' ગણાતો સર્જક પોતાના ચિત્તમાંના કોઈક કારણને સાહિત્યકૃતિમાં કાર્ય રૂપે અવતારે છે. બ્રહ્માએ જ્યારે યદચ્છા પ્રમાણે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે એમણે કોઈના અભિપ્રાય પ્રમાણે, કોઈના આદેશ પ્રમાણે સર્જન કર્યું નહોતું. સ્વયં બ્રહ્મા જ આદેશક અને આદેશપાલ હતા.

બ્રહ્મ કે બ્રહ્મા કોઈના તાબેદાર રહ્યા નથી. આ જ વિચારને આગળ લંબાવી 'અપર બ્રહ્મ' એટલે કે સર્જકના સ્તરે વિચારીએ તો એ જ વાજબી છે કે સર્જક કોઈનો તાબેદાર નથી. એ સ્વતંત્ર છે, સ્વાયત્ત છે. સર્જક જ્યારે સર્જનની ક્ષણે પહોંચે છે ત્યારે તે સ્વને પણ ભૂલી જાય છે. આ રીતે સર્જનની ક્ષણ સ્વથી પણ પર છે. જો એ સ્વથી પર હોય તો અન્ય કોઈથી કે અન્ય કશાયથી પણ પર હોય. અને આ રીતે સ્વ-નિરપેક્ષનો અર્થ અન્ય - સાપેક્ષ થતો નથી.

આ રીતે જોઈએ તો કોઈ પણ સર્જક ચોવીસ કલાક અને ત્રણસો ને પાંસઠ દિવસ સર્જક હોતો નથી. તો પછી એ સર્જન કરે છે શા માટે? સર્જન એ સર્જકની અંગત બાબત છે. એમાં કોઈની દખલગીરી ચાલે નહીં, સર્જક ચલાવી પણ ના લે. પરન્તુ મધ્યકાળમાં આપણે ત્યાં સર્જન રાજ્યાવલંબી કે રાજસભાને ખુશ કરી માન-અકરામ, ભેટ-સોગાદો અને ધનપ્રાપ્તિ માટે કાર્યરત રહેતું હતું તેમ ઇતિહાસ જણાવે છે. આથી 'ભાટ' અને 'ભાટાઈ' જેવા શબ્દો કવિઓ માટે વપરાશમાં આવ્યા હતા. આ કવિઓનું અંતિમ ધ્યેય કોઈ ઉત્તમ અને ઉદાત્ત સર્જનનું નહોતું. ક્યાંક ક્યાંક એવા ચમકારા આવી જાય તે વાત અલગ છે.

આવી પ્રથા પરદેશમાં પણ હતી. ચીનમાં લગભગ ત્રીજી સહસ્રાબ્દીથી તે ગઈ સદીના પ્રથમ દાયકા લગી અનેક

રાજવંશો થઈ ગયા. ત્યાં ઈ.સ. પૂ. છઠ્ઠી સદીમાં કવિતાનો આરંભ થયો તેમ નોંધાયું છે. આ કવિઓને ત્યારથી લગભગ આજ લગી રાજાઓની રાજસભામાં સ્થાન મેળવવાની ખ્વાહેશ રહી છે. ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં થઈ ગયેલા ફિલસૂફ કૉન્ફ્યુશિયસે કાવ્યસંચય કર્યો હતો. જાહેર સેવાના ક્ષેત્રમાં પદાધિકારીઓની નિમણૂક કરવાની પરીક્ષામાં આ સંગ્રહમાંથી કાવ્યો રસદર્શન માટે પૂછાતાં હતાં તો વળી ઈ.સ.ની આઠમી સદીમાં લી પો અને તુ ફુ એ બે કવિઓને રાજકવિના પદે નિયુક્ત કરાયા હતા.

તો જપાનમાં ઈ.સ.ની પાંચમી સદીમાં કવિતાનો આરંભ થયેલો મનાય છે. ત્યાં સામાન્ય પ્રજાજન પણ માત્ર કવિતાભાવનમાં જ નહીં પણ કાવ્યસર્જનમાં પણ સક્રિયતા દાખવે છે. ત્યાંના સમ્રાટો પણ હાઇકુ અને તાન્કા રચવામાં સક્રિય રહ્યા છે.

આ રીતે ગ્રીસમાં ઈ.પૂ. આઠમી સદીમાં હોમરે 'ઇલિયડ' અને 'ઑડિસી' જેવાં બે મહાકાવ્યોનું સર્જન કર્યું હતું. એમાં ત્યાંના સમાજ અને સંસ્કૃતિ પાયામાં પડેલાં છે. ઈ.પૂ. છઠ્ઠી સદીમાં થઈ ગયેલા પિન્ડારે ત્યાં રમતોત્સવો દરમિયાન શ્રેષ્ઠ ખેલાડીઓને પ્રેરણારૂપે કાવ્યો રચ્યાં હતાં. એમણે નગરરાજ્યોના નિમંત્રણથી આવા રમતવીરો વિશે ઉત્તમ પ્રશસ્તિકાવ્યો રચ્યાં હતાં. તો વળી ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં એથેન્સમાં ઇસ્કીલસ, સૉફોક્લીસ, યુરિપિડીસ તથા એરિસ્ટોફેનીસ જેવા કવિઓએ માનવને શ્રેષ્ઠ માનવ બનાવે તેવી કાવ્યરચનાઓ કરી હતી. તો વળી છેક વીસમી સદીમાં સેફેરિસ તથા એલિટિસે માનવસમાજ અને સંસ્કૃતિ વિશે પ્રતીકવાદી કાવ્યરચનાઓ કરી છે.

રોમમાં પણ કવિતાનો ઇતિહાસ આરંભથી લઈને પ્રજાલક્ષી રહેલો જણાય છે. ત્યાં ઈ.સ. પૂ. પહેલી સદીમાં થઈ ગયેલા મહાકવિ વર્જિલે એમના મહાકાવ્ય 'ઇનીડ'માં આંતરવિગ્રહો, રાજકીય અશાંતિ જેવા વાતાવરણને કારણે સમાજ અને સંસ્કૃતિનો સર્વનાશ ન થાય તે માટે વસ્તુસામગ્રી અને વિચારસંઘર્ષ રજૂ કર્યાં છે. તો વર્જિલના અનુકાલીન હોરેસને સમ્રાટ ઑગસ્ટસના મિત્ર મિસેનાસે પ્રોત્સાહિત કર્યા હતા. પરન્તુ ઈ.પૂ. ૧૭માં ઑગસ્ટસના સૂચન કે સૂચનાથી રોમના મહોત્સવના અવસરે સ્તોત્રકાવ્ય રચવા જણાવ્યું અને હોરેસે તેવું કાવ્ય રચ્યું પણ ખરું, પરન્તુ ત્યારે હોરેસને રાજ્યના રહસ્યમંત્રી બનવાનું નિમંત્રણ મળ્યું તેનો તેમણે અસ્વીકાર કર્યો હતો. આમ, રાજ્યપ્રભાવમાંથી કવિને જરા હટવાનું સાહસ કરવાનો વારો આવ્યો. ત્યાં કવિનું સ્વાતંત્ર્ય અળપાયું નહિ. આ રીતે કવિ સ્વ-તંત્ર છે એમ સમજાયું.

ઇટલીમાં પણ ઈ.સ.ની ૧૪મી સદીમાં ડૅન્ટિએ બિઆટ્રિસ નામની કિશોરીના ભૌતિક પ્રેમમાંથી પાંગરેલા દિવ્યપ્રેમને પોતાના મહાકાવ્ય 'ડિવાઇન કૉમેડિ'ના ત્રણ ભાગ ઇન્ફર્નો (નરકલોક), પર્ગેટોરિયો (શોધનલોક) અને પૅરેડિસો (સ્વર્ગલોક)માં માનવજીવનની ઊર્ધ્વયાત્રાનું કાવ્યાત્મક નિરૂપણ કર્યું છે. પણ ડૅન્ટિ માત્ર કવિ જ નહિ પ્રજાના પ્રશ્નોમાં સીધો ભાગ લેનાર કર્મવીર કવિ પણ હતા. પરિણામે રાજસત્તા સાથે સંઘર્ષમાં આવવાનું બનતાં ડૅન્ટિ દેશનિકાલ થયેલા અને આમરણ ઇટલીની બહાર જ રહ્યા. આ એક રીતે કવિની સ્વાયત્તતા કે સ્વતંત્રતાની પરિચાયક ઘટના છે.

ફ્રાંસમાં દસેક સદી પૂર્વે આરંભાયેલી કવિતા ધીમે ધીમે ૧૭મી ૧૮મી સદીમાં સામાજિક સભાનતા તરફ તીવ્ર ગતિએ પહોંચે છે અને ધીમે ધીમે ૧૮મી સદીના અંતભાગે અને ૧૯મી સદીના આરંભકાળે શેનિયે, વિન્ચી, લામાર્તિન, હ્યુગો ઇત્યાદિની રચનાઓ ત્યાંના સમગ્ર વાતાવરણમાં મૂળગામી પરિવર્તન લાવે છે, જે ૧૭૮૯ની ફ્રેન્ચ ક્રાન્તિનાં મૂળિયાં સમાન છે. તો વળી ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મહાન કવિ બૉદલેરે પોતાની રચનાઓ દ્વારા ત્યાંના કલાસંસ્કારોરહિત એવા શ્રીમંત વર્ગને લપડાક સમાં 'દુરિતનાં પુષ્પો' (Flower de Mal) ભેટ ધરે છે!

ઇંગ્લંડમાં ૧૪મી સદીમાં ત્યાંના આદિકવિ ચૉસરની 'ધ કેન્ટરબરી ટેઇલ્સ' કાવ્યરચનામાં ત્યારના સમાજના વિવિધ સ્તરનાં પાત્રોની અનેરી રજૂઆત છે. ડ્રાઇડને આ કાવ્યની પ્રશસ્તિ કરતાં એ કૃતિ વિષે લખ્યું 'હીઅર ઇઝ ગૉડ્ઝ પ્લેન્ટી' અહીં ઈશ્વરની સમગ્ર સૃષ્ટિ હયાત છે. ત્યાં પછી ઇંગ્લંડમાં રાજકવિની પ્રથા આરંભાય છે અને જ્યારે રાજકવિ પદ કોઈ કવિને ચાપવામાં આવે ત્યારે એને પ્રથમ રાજ્ય-રાષ્ટ્ર-રાજાની પ્રશસ્તિની રચના કરવી પડે છે!

આ પણ એક સર્જક પરિમાણ છે. પરન્તુ આ બધી વિચિત્રતાઓ અને વિભિન્નતાઓ પછી પણ સર્જકચેતના સ્વતંત્ર અને સ્વાયત્ત રહે છે. અહીં મારે આ બાબતે સમગ્ર વિશ્વસાહિત્યનો હવાલો કે હિસાબ આપવો નથી. એ માટેનો આ પ્રસંગ પણ નથી. મારે તો જિકર કરવી છે સર્જકના સ્વાતંત્ર્યની.

તો પ્રશ્ન થાય કે સર્જકનું સ્વાતંત્ર્ય એટલે શું. પહેલી વાત તો એ કે અગાઉ નિર્દેશ કર્યો છે તેવી પરિસ્થિતિમાંથી સર્જક

કાળક્રમે મુક્ત થતો આવ્યો છે. હવે કોઈ રાજ- રાજકારણી, સમાજ-સમાજકારણી, દેશ-દેશકારણી, વેપારવણજ કે વેપારવણજકારણી, ચિંતન કે ચિંતનકારણી, પ્રભુ કે પ્રભુકારણી, ભક્તભક્તિ કે ભક્તભક્તિકારણી સર્જકને કશી ફરજ પાડી શકે તેમ નથી. આવા કોઈ સર્જકને ફરજ પાડવા જાય તોપણ સર્જક તેને ગણકારે તેમ નથી. જો એવું થાય કે સર્જક કોઈને વશવર્તીને સર્જન કરે છે તો વિશાળ અર્થમાં એ એક પ્રકારની, અગાઉ જણાવી ગયો તેવી ભાટ-ભાટાઈ છે.

સર્જક સર્જન તો કરે છે ત્યારે તે કાચી માટીમાંથી પાકા ઘાટ ઉતારે છે. પણ ક્યારેક એની સર્જનપ્રક્રિયા દરમિયાન આ ઘાટ બગડી પણ જાય એવું બને છે. ત્યારે સમજદાર સર્જક આત્મરતિમાંથી મુક્ત રહી તેને વગે કરતાં પણ ખચકાતો કે અચકાતો નથી. આપણે જાણીએ છીએ કે કવિ કાન્તે 'પૂર્વાલાપ'માં ન સમાવાયાં હોય તેવાં સેંકડો કાવ્યો ફાડી નાખ્યાં હતાં. આ વલણ પણ સર્જકની સ્વતંત્રતાનું સૂચક છે. આ જ કાન્તને ધર્મપરિવર્તનને કારણે અને ન્હાનાલાલને રાજકીય મતભેદોને કારણે જીવનમાં સહન કરવાનું આવ્યું છે, પણ એથી એમની સાહિત્યિક સ્વાયત્તતાને આંચ આવી નથી.

કોઈપણ સર્જક કોઈપણ કાળે, જો એ સાચો સર્જક હોય તો, કોઈની પણ શેહશરમમાં આવતો નથી. ક્યારેક તો એ પોતાની સર્જનાત્મક ચિત્તાવસ્થા ટાણે પોતાને પણ વશ ના હોય તેવું બની શકે. આ જ છે ખરા અર્થમાં સર્જકની સ્વાયત્તતા.

રવીન્દ્રનાથ ટાગોરને તેમના પિતા ઠાકુર પરિવારનો મલાજો જાળવવા ૬-૭ વર્ષના એ થયા ત્યાં સુધી ઘરના ઓરડામાં જ ગોંધી રાખતા હતા. પરન્તુ આને કારણે એમની સર્જનાત્મક ક્ષણોની સ્વાયત્તતા ઉપર કશો કાપ આવ્યો નહોતો. જો એમ થયું હોત તો 'પિંજરનું પંખી' જેવું કાવ્ય રચાયું ના હોત. એમણે પિંજરસ્થ પંખીના આલંબનથી પોતાની ગૃહબદ્ધ દશાને જ રજૂ કરી છે :

*'ખાંચાર પાખી છિલ સોનાર ખાંચાટિતે*
*વને વેર પાખી છિલ વને*
*એકદા કિ કોરિયા મિલન હલ દોંહે,*
*કિ છિલ વિધાતાર મને.'*

આમ, પિંજરસ્થ અને મુક્ત પંખીના સંવાદમાં ટાગોરની એ કિશોરકાલીન પારતંત્ર્યની અનુભૂતિનો સ્વતંત્રતાપ્રેર્યો સર્જનાંશ છે તો કૌમાર્ય-કૈશોર્ય-યુવાકાળે જે બાહ્ય જગતનો અનુભવ થયો તે કાળે પેલા પિંજરસ્થ પંખીશી શૈશવકાલીન પરવશતાનો વસવસો ટાગોરે આમ કવ્યો છે:

*'શિખર હોઇતે શિખર છુટિબ*
*ભૂધર હોઇતે ભૂધરે છુટિબ*
*હેસે ખલખલ, ગેયે કલકલ તાલેતાલે દિબ તાલી*
*એત કથા આછે, એત ગાન આછે, એત પ્રાણ આછે મોર*
*એત સુખ આ છે, એત સાધ આછે, પ્રાણ હયે આછે ભોર'*

(શિખરે શિખરે હું રમવા નીકળી પડીશ, પહાડે પહાડે હું ઘૂમી વળીશ, ખિલખિલાટ હસતું, કિલકિલાટ કરીને ગાતું, તાલેતાલે તાલી દેઈ આ કારાગારમાંથી હું નાસી છૂટીશ. મારા હૈયામાં કંઈક કથાઓ ભરી છે, કંઈક ગાન ઊભરાય છે અને પ્રાણ કેટલા તલસે છે!)

અનુવાદકની બાબતે પણ આ એટલું જ સાચું છે કે અનુવાદક કૃતિના પાત્ર કે કથાઘટકને જે રીતે મૂળ સર્જકે કંડાર્યાં છે તેને વશાવર્તીને ચાલે છે પણ આ કંઈ તેની સ્વતંત્રતા ઉપર તરાપ નથી. બલકે એ મૂળ કથાઘટક કે પાત્રનિર્મિતિને પોતાની અનુવાદની પ્રક્રિયા દરમિયાન પોતાની સર્જનાત્મકતા સાથે સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવે છે. પોતાના વિચાર-ચિંતન-મનનની પણ ત્યાં દખલગીરી ચાલતી નથી.

આવી જ રીતે ઉમાશંકર જોશીના પદ્યનાટક 'મહાપ્રસ્થાન'નો નાયક યુધિષ્ઠિર અને વ્યાસના 'મહાભારત'ના યુધિષ્ઠિરનો તફાવત જેમ સર્જકને અભિપ્રેત છે તેમ તે જ બાબત તેના અનુવાદક માટે પણ એટલી જ મહત્ત્વની બને છે. મૂળ સર્જકના અર્થઘટનને પૂરો ન્યાય મળી રહે તે જોવાની જવાબદારી અનુવાદકની છે અને ત્યાં પણ તે અનુવાદકાળે સંપૂર્ણ સ્વ-સ્થિત હોય છે. આ જ છે એની સ્વ-તંત્રતા, સ્વાયત્તતા.

પણ જ્યારે આ અનુવાદની પ્રવૃત્તિમાં અનુવાદકની સ્વ-તંત્રતાનો વિચાર કરીએ છીએ ત્યારે કોઈ મૂળ કૃતિના કથયિતવ્ય, કથનરીતિ વગેરેમાં ફેરફાર કરી જે સર્જન થાય છે તે અનુસર્જન છે અને તેનો કર્તા અનુસર્જક છે. આવી અનુસર્જનની પ્રવૃત્તિમાં પણ અનુસર્જક સ્વાયત્ત હોય છે. ઉદાહરણ તરીકે ઝવેરચંદ મેઘાણીનું 'કોઈનો લાડકવાયો' કાવ્ય લો.

મૂળ અંગ્રેજી કાવ્ય શ્રીમતી લાકૉસ્ટેનું છે અને તેનું શીર્ષક છે: 'Somebody's Darling' મેઘાણીએ પોતાના

કાવ્યના શીર્ષકમાં કોઈનો - Somebody's - લાડકવાયો Darling - અનુવાદ કર્યો છે તે પૂર્ણ ગુજરાતી છાપવાળો છે. પણ પછી એ અનુવાદમાં આગળ જતાં આ મૃત્યુ પામેલા, શહીદ થયેલા, સૈનિકની મૃત્યુશય્યાનું વર્ણન કરતાં મેઘાણી આ પંક્તિઓ રચે છે :

*'સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,*
*છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો :*
*અણપૂછ્યો અણપ્રીછેલો*
*કોઈનો અજાણ લાડીલો.*
*એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા નારુવી.*
*એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવી:*
*કોઈના લાડકવાયાની*
*ન કોઈએ ખબર પુછાવી.'*

અહીં એક માતાએ મૃત પુત્રના શિરને ખોળામાં લેવાની કે તેને અંતિમ પ્રેમસન્માન આપવા બહેન તેલ-કચોળાં લઈને આવવાની ઘટનાઓ છે તે વિશિષ્ટ રીતે ગુજરાતી અને તેમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રના વાતાવરણની દ્યોતક હોઈ કોઈ પણ ગુજરાતી વાચકને પોતાના સમાજની ઘટના લાગે. આ છે મેઘાણીનો સર્જનાત્મક જાદુ. મૂળના અંગ્રેજી કાવ્યમાં આ ઘટનાઓ ન હોવાથી આ કાવ્યને અનુવાદ નહિ, પણ અનુસર્જન ગણવું પડે.

હવે આ પ્રકારના અનુસર્જનમાં પણ અનુસર્જક પોતાની સ્વાયત્તતાનો ઉપયોગ કરે છે તે આ અનુવાદમાં કરેલા સર્જનાત્મક ફેરફારોથી ખયાલમાં આવશે. અને જ્યારે અનુસર્જક આવા પરિવર્તનાત્મક રચનાવિધાનમાં સક્રિય બને છે ત્યારે તે સંપૂર્ણપણે સ્વને અધીન હોય છે. એને અમુક રીતે અનુવાદ કરવાની બહારથી કોઈ ફરજ પાડતું નથી અને એ કોઈ એવી મન:સ્થિતિએ પહોંચે છે કે તે અનુવાદ કરતાં કરતાં અનુસર્જનના રાહે ચડી જાય છે. અને આમ અનુસર્જન વખતે પણ તે સ્વકીય રચનારીતિ અપનાવી લે છે. આમ કરે છે ત્યારે પેલી મૂળ કૃતિ કે મૂળ કર્તા એને કશી ફરજ પાડતાં નથી. એ તો મૂક જ રહે છે. કેવળ અનુસર્જક પોતાની સર્જકચેતનાની સ્વાયત્તતા પર નિર્ભર રહી આગળ વધે છે.

આ રીતે જોવા જતાં સર્જક, અનુવાદક કે અનુસર્જક પોતાની સર્જનપ્રવૃત્તિના કાળે સંપૂર્ણ સ્વતંત્રતા અનુભવે છે. એ સ્વનો પણ તાબેદાર થતો નથી. એ સર્જનની ક્ષણોમાં પૂરેપૂરો સ્વાયત્ત હોય છે. કોઈની પણ શેહશરમમાં સર્જક સર્જનક્ષણે આવતો નથી.

કોઈ પણ સર્જક કેવળ સર્જન ખાતર જ સર્જન કરે ત્યારે તે સ્વાયત્ત હોય છે, સ્વતંત્ર હોય છે. એને અન્ય કોઈ આળપંપાળ હોતી નથી, ના હોવી જોઈએ. એ સ્વાન્ત સુખાય લખતો હોય તો પણ તે સર્જનની ક્ષણે તો સંપૂર્ણ સ્વતંત્ર હોય છે. લોકપ્રિયતા, લોકાદર, ધનપ્રાપ્તિ કે કીર્તિલોભ કશું જ સર્જનની સ્વાયત્તા આડે ના આવી શકે, ના આવવું જોઈએ. માટે જ બળવંતરાય ઠાકોરે 'સર્જક કવિ અને લોકપ્રિયતા' નામક સૉનેટમાં આવો ઉપાડ કર્યો છે :

*'જુવો ઉઘાડું છે કમાડ, જાવ જ્યાં રુચે;*
*સ્વલ્પ બિન્દુ યે દયાનું ના ખપે હુંને.'*

'સર્જક કવિ' શબ્દ વાપરી બળવંતરાયે કવિની સ્વાયત્તતાનો જ આડકતરી રીતે ઇશારો કર્યો છે. એ જ કવિ સાચો 'સર્જક' કવિ છે કે જેને કશાની પડી જ હોતી નથી. અહીં ભલે કવિ અને કવિતાની વાત કરી હોય, પણ તે વ્યાપક અર્થમાં સમગ્ર સાહિત્ય- સર્જનને અને સાહિત્યસર્જકને લાગુ પડે છે.

આ રીતે આજના મારા વ્યાખ્યાનમાં મેં સર્જકની સ્વતંત્રતા પરના મારા વિચારો રજૂ કર્યા છે. કોઈ આની સાથે સંમત થાય કે ના થાય તે મારો પ્રશ્ન નથી. પણ હવે અત્યારે અને આવનારા કાળમાં પણ સર્જકની સ્વતંત્રતા સૌથી મોખરે રહેશે, રહેવી જોઈએ એવી મારી દૃઢ માન્યતા છે.

કોઈ સંસ્થા, સરકાર, સંઘ કે સરદારની પણ તે પરવા કર્યા વગર પોતાને વશવર્તીને સર્જક પ્રવૃત્ત થવો જોઈએ એ સર્જન અને સર્જકની યશકલગી છે.

આપ સહુએ જે રીતે મને શાન્તિથી સાંભળ્યો તે બદલ આપ સહુનો હું આભારી છું. સાહિત્ય પરિષદે મને પ્રમુખનું સ્થાન આપી આ વિચારો રજૂ કરવાની તક આપી તે બદલ સાહિત્ય પરિષદનો પણ આભારી છું. આજના આ આયોજનમાં અહીંની યજમાન સંસ્થાએ જે રીતે બધું સુબદ્ધ આયોજન કર્યું છે અને મને સવલતો પૂરી પાડી છે તે બદલ યજમાન સંસ્થાનો પણ આભારી છું.

(લાવણ્ય, ૮, વિજય પાર્ક, નવરંગપુરા,
અમદાવાદ – ૩૮૦ ૦૦૯
ફોન: ૦૭૯-૨૬૪૬૦૬૬૦)

# આજની પેઢી માટે સરદારનો વારસો

**મકરન્દ મહેતા**

**(સરદાર વલ્લભભાઈ પટેલની ૬૩મી પુણ્યતિથિ નિમિત્તે તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ સરદાર મેમોરિયલ સોસાયટી તથા ગુજરાત ઈતિહાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં લેખકે આપેલા ચાવીરૂપ વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)**

સરદાર પટેલની ૬૩મી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા આ સેમિનારમાં આમંત્રણ પાઠવવા બદલ હું સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી તથા ગુજરાત ઈતિહાસ પરિષદનો આભાર માનું છું. ખાસ કરીને અહીં આવેલા વિદ્યાર્થીઓને લક્ષ્યમાં લઈને હું વ્યાખ્યાન આપીશ.

વારસો રાતોરાત સ્થપાઈ નથી જતો. તેને વિકસતાં દાયકાઓ અને સદીઓ વીતી જાય છે. વારસો એટલે આપણાં પૂર્વજોએ મહાકષ્ટ વેઠીને પ્રગટ કરેલાં શાશ્વત નૈતિક, આધ્યાત્મિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યો; એવાં મૂલ્યો જે કરોડો અને અબજો રૂપિયા ખર્ચીને પણ ખરીદી શકાય નહીં. વારસા વગરના દેશ કે સમાજ મૂળિયા વગરનો અનાથ છે. તેથી જો આજની પેઢીના યુવાનો અને યુવતીઓ વિવિધલક્ષી વારસામાંથી બોધપાઠ મેળવીને તેને જીવનમાં ઉતારે તો તેનાં દ્વારા વ્યક્તિ, કુટુંબ, રાજ્ય અને દેશનું કલ્યાણ થાય તેવી તાકાત વારસાની છે. આવો અપ્રતીમ વારસો સરદાર પટેલ આપણા સૌ માટે છોડતા ગયા છે.

ઈતિહાસ સત્યશોધન કરતો હોવાથી તે વસ્તુનિષ્ઠ (Objective) છે. તેથી સરદાર પટેલની બહુમુખી પ્રતિભા અને તેમનાં વારસાને એકલદોકલ રીતે કે પૂર્વગ્રહોને આધારે જોઈ ન શકાય. તે સમયનાં સંજોગોને અનુલક્ષીને જ મૂલવી શકાય. આમ વ્યાપક સ્વરૂપમાં જોઈએ તો બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેની ભારતની આઝાદીની લડતનો ઈતિહાસ પણ અમૂલ્ય વારસો છે. આ લડત અહિંસા, સહકાર અને કોમી એખલાસનાં સિદ્ધાંતો ઉપર રચાઈ હતી. ગાંધીયુગ દરમિયાન મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ જવાહરલાલ નેહરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, સરોજિની નાયડુ, મૌલાના અબુલ કલામ આઝાદ, અબ્બાસ તૈયબજી, ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા તેજસ્વી નેતાઓ હિંદી રાષ્ટ્રીય મહાસભાની છત્રછાયા હેઠળ ભેગા થયા હતા. તેમનું સહિયારું 'વિઝન' બ્રિટિશ સંસ્થાનવાદનાં પૃથક્કરણ અને સમજણ ઉપર આધારિત હતું. આ વિઝન મલ્ટી-કલ્ચરલ, મલ્ટી-એથનિક અને મલ્ટી-લિંગ્વલ મૂલ્યોને આધારે વિકસ્યું હતું. 'બે રાષ્ટ્ર-રાજ્યો' (two nation-states)ને કેન્દ્રમાં રાખીને મુસ્લિમ લીગે ૧૯૪૭માં ભલે ઈસ્લામને નામે પાકિસ્તાન બનાવ્યું, પણ ત્યાર પછીનો જો આપણે ઈતિહાસ જોઈએ તો એક વાત સ્પષ્ટ થશે કે પાકિસ્તાનમાં મિલિટરી ડિક્ટેટરશિપ વકરી છે, જ્યારે ભારતમાં લોકશાહીનાં મૂળિયાં દૃઢ થતાં જાય છે. મુદ્દો એ છે કે ભારતનું સ્વતંત્રતાનું આંદોલન વિશ્વભરમાં આઝાદીની લડતોમાં અનોખું ગણાય છે. ખરેખર તો આ એક પ્રચંડ 'માસ મુવમેન્ટ' હતી જેમાં માત્ર ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને મધ્યમવર્ગી બૌદ્ધિકો જ નહીં પણ અસંખ્ય કારીગરો, ખેડૂતો, આદિવાસીઓ, દલિતો, સ્ત્રીપુરુષો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. સરદાર પટેલ આ પ્રકારની વ્યાપક 'માસ મુવમેન્ટ'ના અદ્વિતીય નેતા હતા. તે કેવી રીતે? તે પાછળથી જોઈશું.

વસ્તુનિષ્ઠ રીતે જોઈએ તો ગાંધી, સરદાર અને નેહરુના વ્યક્તિત્વ તેમજ વિચારસરણીઓમાં દેખીતી રીતે જ તફાવત હતો. આમ છતાં છેવટે તો આ ત્રણેય નેતાઓ ભારતની ભૂમિમાં જ પાક્યા હતા! તેથી તેમનો આદર્શ એકસમાજ હતો, અને તે એ કે આઝાદી પ્રાપ્ત થયા બાદ માત્ર રાજકીય નેતાઓ જ નહીં પણ દેશની આમજનતા સ્વતંત્ર રાષ્ટ્રનું નવનિર્માણ કરશે અને વિકાસનો લાભ ગરીબો, શ્રમજીવીઓ, દલિતો અને આદિવાસીઓ સુધી પહોંચશે.

ભારતની બંધારણ સભાએ જે નિષ્ઠાથી બંધારણમાં જે પ્રકારનાં ભેદભાવ વગર Universal Adult Franchiseની ભાવનાને ચરિતાર્થ કરી તેણે ભારતની

લોકશાહીને જીવંત રાખી છે. ભારતના બંધારણના ઘડતરમાં ડૉ. આંબેડકરનું પ્રદાન વિશેષ હતું. અત્રે એ દોહરાવવું ખાસ જરૂરી છે કે પાકિસ્તાનમાં લોકશાહી નહીં પણ મિલિટરી સરમુખત્યારશાહી દૃઢ થઈ છે. આમ વ્યાપક અને લાંબાગાળાની દૃષ્ટિએ જોવાથી જ કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચેનો પાયાનો તફાવત સ્પષ્ટ થશે અને આવા કાદવથી ખરડાયેલા રાજકારણમાં સરદારે ભજવેલી મહાન ભૂમિકા પણ સ્પષ્ટ થશે.

જવાહરલાલ નેહરુ અને મૌલાના અબુલ કલામ આઝાદની વિચારસરણીથી પ્રભાવિત થયેલા 'સેક્યુલર' બૌદ્ધિકોએ સરદારને 'કોમવાદી હિંદુ' તરીકે ચીતર્યા કર્યા છે. તેથી હવે ખુદ 'સેક્યુલર' શબ્દનું સૈદ્ધાંતિક તેમજ વાસ્તવિક રીતે પુનઃઅર્થઘટન કરવાની જરૂર છે. જીવનના અંતિમ વર્ષ સુધી સરદાર લોકશાહીવાદી અને સેક્યુલર મૂલ્યનોને વરેલા ભારતીય નેતા હતા. જરાક ઝીણવટપૂર્વક તપાસ કરવાથી એક વાત દીવા જેવી સ્પષ્ટ થશે કે ગાંધીજીની જેમ સરદારે એક પણ ભાષણમાં કહ્યું નથી કે 'હું સનાતન હિંદુ ધર્મનો ચૂસ્ત હિમાયતી છું.' સરદારનાં વ્યાખ્યાનો વાંચવાથી એ પણ ખ્યાલ આવશે કે તેમણે જાહેર જીવનમાં ધર્મને સ્થાન આપ્યું નહોતું. સરદાર પણ ધાર્મિક મનોવૃત્તિ ધરાવતા હતા, પણ તેઓ માનતા હતા કે ધર્મને પોતાના ઘર અને કુટુંબ પૂરતો મર્યાદિત રાખવો જોઈએ. બીજી તરફ નેહરુની જેમ સરદાર મુસ્લિમોનું ખોટી રીતે તુષ્ટિકરણ પણ કરતા ન હતા. જો તેમણે હિંદુ, ખ્રિસ્તી, જૈન, શીખ અને જરથોસ્તી ધર્મપંથીઓને ભોગે મુસ્લિમોની પીઠ થાબડી હોત તો તેઓ 'સાચા સેક્યુલારિસ્ટ' તરીકે નેહરુની જેમ જ ઇતિહાસને ચોપડે ચડ્યા હોત! પણ સરદારને 'નેહરુ બ્રાન્ડ'નું સેક્યુલારીઝમ ના ખપ્યું! તેથી જ જ્યારે દેશના ભાગલાની વાત ચાલી ત્યારે તેમણે મુસલમાનોને કહ્યું કેઃ 'ભારતમાં તમે ખુશીથી રહો. આ દેશ તમારો છે. પરંતુ જો તમારી વફાદારી ભારત રાષ્ટ્ર પ્રત્યે ના હોય, તો તમે પાકિસ્તાન જાવ! તમારે માટે હજુ પણ વિકલ્પ ખુલ્લો છે. ભાગલા પછી રહેવાનું ભારતમાં અને વફાદારી પાકિસ્તાન સાથે એ તો કેવી રીતે ચાલી શકે?!' અત્રે એ પણ યાદ રહે કે ૧૯૪૮માં જ્યારે ગાંધીજીનું ખૂન થયું ત્યારે આર.એસ.એસ. ઉપર પ્રતિબંધ મુકનાર સરદાર પટેલ જ હતા.

બીજી તરફ બિનસાંપ્રદાયિક મૂલ્યોને આધારે સરદારે હિંદુ-મુસ્લિમ એકતાની વાત કરતાં જનસમુદાયની પ્રચંડ તાકાત ઉપર ભાર મૂકતાં ઘોષણા કરી હતી કે આઝાદી બાદ ભારતને મજબૂત રાષ્ટ્ર બનાવવામાં માત્ર નેતાઓ જ નહીં, પણ આમ આદમી મહત્ત્વનો ભાગ ભજવશે, પછી તે ગમે તે કોમનો હોયઃ "Movements are not made by leaders. Movements are made by the masses." કમનસીબે સરદારનું આ વિઝન આજે ઝાંખું પડ્યું છે., પણ આપણું એ સદ્ભાગ્ય છે કે સરદારે પ્રગટાવેલો આ દીવો તદ્દન હોલવાઈ ગયો નથી. દીવાના આ ઝાંખા પ્રકાશમાંથી આપણે જો અનેક ઝળહળતા દીવાઓ પ્રગટ કરીશું તો જ સરદારની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલી આ 'વિચાર ગોષ્ઠિ' સાર્થક થયેલી ગણાશે.

અગાઉ કહ્યું તે મુજબ વારસાની દૃષ્ટિએ ગાંધીજી, સરદાર, નેહરુ અને મૌલાના આઝાદ જેવા નેતાઓ એક જ માળાનાં મણકા સમાન હતા. આમ છતાં વિશ્લેષણની દૃષ્ટિએ સરદારનું જીવન અને તેમનું વિઝન અલગ હતું. ગાંધીજી અને નેહરુની જેમ સરદાર બહુ બોલ્યા નથી, કે તેમણે બહુ લખ્યું પણ નથી. આમ છતાં પણ તેઓ મક્કમ મનોબળ ધરાવતા કર્મયોગી હતા. અસલમાં તો તેઓ ચરોતરના પાટીદાર ખેડૂત હતા. તેથી તેમની ભાષા પણ બરછટ હતી. પણ તે સીધીસાદી હતી. સરદર માટે કહેવાયું છે કે તેઓ જીભથી નહીં પણ આંતરડા અને કાળજામાંથી બોલતા હતા અને જે બોલતા તે કરી બતાવતા હતા. તેમની વાણીમાંથી અનેક નહીં, એક જ સૂર નીકળો – 'એકશન' માટે તૈયાર રહો! ખરેખર તો "Sardar was a physician to the Indian body politic... Sardar put life upoin abstractions and turned ideas and ideals into greatly suffering Indian masses." તેથી જ સરદારની વાણી અને વર્તનની ધારી અસર અંગ્રેજ હાકેમો, રાજા મહારાજાઓ અને ભાગલાવાદી મુસ્લિમ લીગના નેતાઓથી શરૂ કરીને આમ પ્રજા સુધી પડતી.

સરદારના આ વ્યક્તિત્વનું પાસું આજે મનન કરવા જેવું છે. તેમની ધારદાર આંખો ચોમેર ફરતી. તેમની વાસ્તવિક બુદ્ધિ જટીલમાં જટીલ પરિસ્થિતિનો તાગ મેળવી લેતી. જરા પણ ખુશામતખોરી નહીં, પોતાનાં આદર્શોને વળગી રહીને તેમજ ઝડપથી બદલાતી પરિસ્થિતિને કેન્દ્રમાં રાખીને વર્તન કરવું. ગાંધીજી તથા

નેહરુ જેવા તેજસ્વી ટોચના નેતાઓ સાથેનાં વૈચારિક ટકરાવનાં પાયામાં તેમનું નિષ્કલંક દૃઢ મનોબળ હતું. તેથી જ તેમણે મહાત્મા ગાંધીના 'બ્રહ્મચર્યના પ્રયોગો'નો વિરોધ કર્યો હતો અને તેમણે આ વાત ખુદ ગાંધીજીને કહી સંભળાવી હતી. બીજી તરફ્ત નેહરુનું romanticism પણ તેમને પસંદ ન હતું. એમ તો સરદાર પણ ભરયુવાનીમાં વિધુર થયા હતા. પરંતુ સરદારે જીવનના અંત સુધી તેમનાં મૂલ્યો જાળવી રાખ્યા હતા.

આવા મક્કમ મનોબળને લીધે જ સરદાર મોટા ગજાના માસ લીડર બન્યા અને બીજી તરફ તેમણે કોંગ્રેસને એક જીવંત રાષ્ટ્રીય પક્ષ તરીકે વિકસાવ્યો. કોંગ્રેસ પક્ષ અને સંગઠન ઉપર સરદારની જેટલી પકડ હતી તેટલી બીજા કોઈ પણ નેતાની નહોતી. વળી જનસમુદાયને એકત્રિત કરીને (Mass Mobilization) તેને આઝાદીનાં આંદોલન તથા રચનાત્મક કાર્યો તરફ વાળવાની સરદારની તાકાત પણ અનોખી હતી. ૧૯૨૧માં તેઓ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારથી દાયકાઓ સુધી તેમણે સંગઠનશક્તિ અને વગનો ઉપયોગ સ્વાતંત્ર્યની લડત તેમજ રચનાત્ક કાર્યક્રમોને આગળ ધપાવવામાં કર્યો હતો. જે ખુમારીથી સરદારે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓ સામે પ્રચંડ સત્યાગ્રહો કર્યા અને તેમ કરવામાં પ્રજાને દોરવણી આપી તે વસ્તુસ્થિતિ બતાવે છે કે તેઓ 'માસ કોન્ટેક્ટ મુવમેન્ટ'ના અજોડ નેતા હતા. સત્યાગ્રહો ચાલતા હોય ત્યારે પણ ભાષણોમાં બોલે ઘણું ઓછું, પણ તેમની તેજાબી વાણી ધારી અસર ઉપજાવે. મારા આ વિધાનના સમર્થમાં ઉમાશંકર જોશીના કાવ્યની નીચેની પંક્તિઓ અત્રે પ્રસ્તુત છેઃ

*"મસ્તિક ઠંડુ – પણ અગ્નિઝરતા શબ્દોનું ઉદ્‌ભવસ્થાન,*
*તમે કદી એને બોલતા સાંભળ્યા છે?*
*એ શબ્દો નથી ઉચ્ચારતા*
*ભૂખથી ભરખાતી વિરાટ પ્રજાના*
*હિજરાતા આત્માની તાકાતને એ એકત્રિત કરે છે,*
*અને એનું લોખંડી કટ્ટર વ્યક્તિત્વ*
*એમાંથી નિપજાવે છે શબ્દપંખાળાં શસ્ત્ર.*
*ગંધાતા દુરિત પ્રતિ*
*ધારદાર શબ્દોના ઘા કરવામાં એ રાચે છે.*
*પણ હમણાં હમણાં તો એની આત્માની ગોફળમાંથી*
*છૂટે છે – શબ્દ નહીં, પણ તાતી સંકલ્પશક્તિ.*
*એનાં શબ્દો શબ્દ નથી, કાર્યો છે."*

સરદારના બહુમુખી વારસાનું તેમની બહુમુખી પ્રતિભાનું આ પાસું આપણે સૌ માટે પ્રેરણાદાયી છે.

સરદાર ખેડૂતોના નેતા હતા. તેઓ જમીનદારો ઉપરાંત નાના ખેડૂતો, ખેતમજૂરો અને આદિવાસીઓ સાથે અતૂટ સંપર્ક રાખતા. ઠક્કર બાપા, ઈન્દુલાલ યાજ્ઞિક, સુખદેવ ત્રિવેદી, નાનાભાઈ બટ્ટ, જુગતરામ દવે, મીઠુબહેન પીટીટ અને લક્ષ્મીદાસ શ્રીકાંત જેવા ખેડૂત અને આદિવાસી ઉત્થાનના નેતાઓ તેમજ 'ગ્રાસ રૂટ્સ વર્કર્સ' ગામડાઓમાં ફરી વળીને તેમના અધિકારોની વાત કરતા, હાળી અને વેઠપ્રથા સામે પ્રચાર કરતા, રેંટિયો અને ખાદીનો મહિમા સમજાવતા, દારૂબંધીનું મહત્ત્વ સમજાવતા અને શાળાઓ, દવાખાનાં અને આશ્રમો સ્થાપતા. સામ્રાજ્યવાદની આ પૃષ્ટભૂમિમાં આ બેવડી ભૂમિકા મહત્ત્વની પૂરવાર થઈ. તેમાંથી ગ્રામીણ રાષ્ટ્રવાદીઓ (rural rationalists) અને રચનાત્મક કાર્યકરોની કતારોની કતારો ઊભી થઈ હતી. જનશક્તિને એકત્ર કરવાથી કેવાં ભગીરથ કાર્યો સિદ્ધ થઈ શકે છે તેનો મર્મ પામવા આજકાલના રાજકારણીઓએ સરદારના જીવનમાંથી શીખવાનું પુષ્કળ ભાથું પડ્યું છે.

વલ્લભભાઈનો આર્થિક રાષ્ટ્રવાદ પણ એટલો જ અજોડ હતો. તેમની આર્થિક વિકાસની દૃષ્ટિમાં ગાંધીજીની સર્વોદયની વિચારધારાનો સમાવેશ થઈ જાય છે. આમ છતાં સરદારે તેમનું વૈચારિક સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું હતું. અને તેથી તેઓ ગાંધીજી તથા જવાહરલાલ નેહરુ કરતાં ભિન્ન વિચારસરણી ધરાવતા હતા. સરદાર વિશે થોકબંધ લખાયું છે. આમ છતાં તેમની આર્થિક વિચારસરણી વિશે વ્યવસ્થિત રીતે તેમ જ જેનાં ખરાપણા-ખોટાપણાની ખાતરી થઈ શકે તેવી ચીવટભરી તપાસ (verifialbe investigation) આજ દિન સુધી થઈ નથી. આજના માહોલમાં આ મુદ્દો અત્યંત મહત્ત્વનો હોવાથી હું આ વિચારગોષ્ઠિમાં તે રજૂ કરું છું.

ગાંધીજીને આધુનિક ટેકનોલોજીમાં વિશ્વાસ નહોતો. તેઓ ઔદ્યોગિકીકરણ અને રેલવે જેવા ક્રાંતિકારી

સાધનોને નીતિનાશને માર્ગે દોરી જતા ભૌતિકવાદ સમાજ ગણતા. ગાંધીજીની આ વિચારસરણી સાથે સરદાર સંમત નહોતા. તેઓ નેહરુની જેમ ઝડપી ઔદ્યોગિકીકરણ અને કૃષિવિકાસના હિમાયતી હતા. આમ છતાં સરદારને નેહરુના સમાજવાદમાં કે નેહરુની સામ્યવાદી વિચારધારામાં વિશ્વાસ નહોતો. તેમને એવી મૂડીવાદી વ્યવસ્થામાં, ખાનગી સાહસોમાં તેમજ સહકારી પ્રવૃત્તિઓમાં વિશ્વાસ હતો જેના દ્વારા આર્થિક વિકાસનો લાભ ગરીબો અને વંચિતો સુધી પહોંચે. તેથી જ તેઓ તાતા, બિરલા, બજાજ, કસ્તૂરભાઈ લાલભાઈ અને અંબાલાલ સારાભાઈ જેવા ઉદ્યોગપતિઓ સાથે સંપર્ક ચાલુ રાખીને આઝાદીની લડત માટે તેમ જ રચનાત્મક કામો માટે ફંડફાળા ઉઘરાવતા. અત્રે ખાસ યાદ રહે કે સમાજવાદી વિચારધારાથી પ્રભાવિત થયેલા ઈન્દુલાલ યાજ્ઞિકે સરદારની આકરી ટીકાઓ કરવા છતાં તેમની આત્મકથામાં લખ્યું છે કે ''સરદાર ઉદ્યોગપતિઓની શેહશરમમાં તણાયા વગર કે તેમની ખુશામત કર્યા વગર ગરીબોનું કામ કરતા.'' સરદાર પટેલે અનેકવાર જાહેરમાં કહ્યું હતું કેઃ ''હું ફંડફાળા ધનિકો પાસેથી ઉઘરાવું છે, પણ તેનો ઉપયોગ ગરીબોના ઉત્થાન માટે કરું છું.'' આજની બધી જ બ્રાંડવાળા રાજકારણીઓને ક્ષોભ થાય અને કદાચ આત્મનિરીક્ષણ કરવાનું પણ મન થાય તેવી મોટામાં મોટી વાત એ છે કે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ જ્યારે સરદારનું અવસાન થયું તે સમયે તેમનું બેંક બેલેન્સ સાવ નજીવું હતું! તેના પુત્રી મણિબહેન તો તદ્દન દરિદ્રાવસ્થામાં ગુજરી ગયાં હતાં! સરદારે સત્તાનો ઉપયોગ રાષ્ટ્રીય ઉત્થાન માટે કર્યો હતો.

આ વાસ્તવિકતાના સંદર્ભમાં બીજો એક મુદ્દો પણ એટલો જ મહત્ત્વનો છે. તે સરદારના આર્થિક આદર્શોને સ્પષ્ટ કરે છે. વળી સદરારના આર્થિક વિઝનને આજના 'ગ્લોબલાઈઝેશન' અને 'પ્રાઈવેટાઈઝેશન'ના માહોલમાં 'જગદીશ ભગવતી મોડેલ' અને નોબેલ પ્રાઈઝના વિજેતા અમર્ત્ય સેનના 'મૉડેલ'ને સ્પર્શતો હોવાથી ભારતના ભાવિની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ધારણ કરે છે.

ઈતિહાસમાં જરા ડોકિયું કરવાથી એ સમજાશે કે ૧૦૪૭માં ભારતના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર નેહરુએ સંભાળ્યો ત્યારથી શરૂ કરીને ૧૯૬૪માં તેમના અવસાન સુધી તેમણે સમાજવાદી કાર્યક્રમો વિક્સાવવાનાં પ્રમાણિક પ્રયાકો કર્યા હતા. તેઓ માનતા હતા કે છેવટે તો ઝડપી ઔદ્યોગિક વિકાસનો લાભ ગરીબો સુધી પહોંચશે. પણ તેનું ધાર્યું પરિણામ આવ્યું નહોતું. તેથી સર્જનાત્મક કલ્પના કે માત્ર અટકળોની દૃષ્ટિએ એમ પૂછવાનું મન થાય કે જો નેહરુને બદલે સરદાર પટેલના હાથમાં દસ-પંદર વર્ષ સુધી દેશની ધૂરા હોત તો તેણે આર્થિક નીતિઓની દૃષ્ટિએ દેશને કયા માર્ગે વાળ્યો હોત? સરદાર પટેલે તો છેક જાન્યુઆરી ૧૯૪૪માં જે.આર.ડી. તાતા, ઘનશ્યામદાસ બિરલા, પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, લાલા શ્રીરામ, કસ્તૂરભાઈ લાલભાઈ, એ.ડી. શ્રોફ, અરદેશર દલાલ અને ડૉ. જહોન મથાઈ જેવા તેજસ્વી ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને વહીવટકર્તાઓએ પ્રસિદ્ધ કરેલ દસ્તાવેજ 'બૉમ્બે પ્લાન'ને બિરદાવ્યો હતો. આ મહત્ત્વના દસ્તાવેજનો હેતુ આઝાદ ભારતના માત્ર આર્થિક વિકાસની દૃષ્ટિએ જ નહીં, શૈક્ષણિક અને સામાજિક વિકાસની દૃષ્ટિએ પણ માર્ગસૂચક હતો. પણ નેહરુ સહિત સમાજવાદી અને સામ્યવાદી બૌદ્ધિકોને મન 'બૉમ્બે પ્લાન' ભદ્રવર્ગીય (bourgeoi's) માનસનો દ્યોતક હતો! બીજી તરફ સરદારે તેમનો અભિપ્રાય આપતાં કહ્યું હતું કે, ''બૉમ્બે પ્લાન દેશના સર્વાંગી વિકાસની પહેલ સમાન છે.'' તેના ૬૦ વર્ષ બાદ ભારતના હાલના વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે તા. ૨૪ ઓગસ્ટ ૨૦૦૪ના રોજ તેમના વ્યાખ્યાનમાં કહ્યું હતુંઃ

''ગ્રામીણ અને નગરીય વિસ્તારોના સામાજિક અને આર્થિક માળખામાં જાહેર રોકાણો કરવાની હિમાયત મુંબઈ યોજનાએ કરી હતી. તેણે કૃષિવિષયક સુધારા અને સંશોધનો, શૈક્ષણિક વિકાસ એ આધુનિક નાણાકીય પદ્ધતિ ઉપર ઘણો ભાર મૂક્યો હતો. વિશેષ કરીને મુંબઈ યોજનાએ કૃષિ આધારિત સામંતશાહી વ્યવસ્થામાંથી ઔદ્યોગિક મૂડીવાદમાં રૂપાંતર કરવા માટે જરૂરી માળખાની રૂપરેખા પૂરી પડી હતી.''

પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને ભારતના વડાપ્રધાન મનમોહનસિંહનું આ વિધાન સરદારની તે સમયની દીર્ઘદૃષ્ટિનું દ્યોતક છે. સરદાર પટેલે તા. ૨૦-૨-૧૯૪૮ના રોજ મુંબઈ ઉદ્યોગપતિઓ અને વેપારીઓને સંબોધન કરતાં જે કહ્યું તે આજની ''આમ આદમી પાર્ટી''ના આદર્શોનું દ્યોતક છે.

"આપણો દેશ તાજેતરમાં આઝાદ થયો છે અને દેશમાં દારૂણ ગરીબી પ્રવર્તે છે. કાળા બજાર, મોંઘવારી અને લાંચરૂશ્વતે આપણા દેશને જીવાતની જેમ કોરી ખાધો છે. તેથી અંગત - સ્વાર્થ સાધવાને બદલે તમે જો વસ્ત્રો અને અનાજનું ઉત્પાદન વધારશો અને તે ગરીબો સુધી પહોંચાડશો તો જ ગરીબોની સાથે તમારું પણ શ્રેય થશે...." "દેશનું આશાસ્પદ ભાવિ સહુના સહકારમાં છે, અને તેના પાયામાં નવોદિત ભારત પ્રત્યેનો રાષ્ટ્રપ્રેમ છે."

આવા સહકારના આદર્શને ચરિતાર્થ કરવા માટે વલ્લભભાઈએ ગુજરાતની જીવાદોરી સમાન ગણાય તેવી નર્મદા યોજના વિશે વિચાર્યું હતું. વળી તેમણે Co-operative movementaiz basisને ધોરણે અમૂલ ડેરીની કલ્પના છેક ૧૯૪૨માં કહી હતી. સરદારની સલાહને માથે ચડાવીને ત્રિભુવનદાસ પટેલ, રાવજીભાઈ પટેલ અને ભગવાનદાસ પટેલ જેવા રાષ્ટ્રવાદી ભેખધારીઓએ તા. ૧૪-૧૨-૧૯૪૬ના રોજ "ખેડા ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન"ની સ્થાપના કહી હતી. તેનાં દ્વારા સહકારી પદ્ધતિએ દૂધ ઉત્પાદનની પ્રવૃત્તિનાં મંડણ થતાં હજારોની સંખ્યામાં, સ્ત્રીપુરુષો તેમાં જોડાયા. ૧૯૪૯માં સફેદ ક્રાંતિના સર્જક ડૉ. વર્ગીસ કુરિયન ડેરી ઇજનેર તરીકે જોડાયા ત્યાર પછી તો અમૂલે ઇતિહાસ સર્જ્યો છે. પણ અમલૂનાં અસલી સ્વાદનાં મૂળિયાં નાંખનાર તો સરદાર પટેલ અને, ઉપર કહ્યું છે તે મુજબ તેમણે ઊભા કરેલા ગ્રામીણ ખેડૂત રાષ્ટ્રવાદીઓ હતા! જાણે કે સરદારનાં જીવન અને કવન દ્વારાઃ

"ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!"

સરદાર પટેલનો આર્થિક રાષ્ટ્રવાદ બહુપરિમાણી હતો. તેમાં માત્ર મૂડીવાદી રીતરસમોની વાત નહોતી. આર્થિક વિકાસનો લાભ આમજનતા સુધી પહોંચે તેવી પણ તેમની ગણતરી હતી. સરદારને જનશક્તિની પ્રચંડ તાકાતમાં દૃઢ વિશ્વાસ હતો. તેઓ આમ આદમીની જેમ જીવ્યા હતા.

વલ્લભભાઈ ભારતની એકતાના મશાલચી હતા. ભારતે ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરી તે સમયે દેશ ૫૬૨ જેટલાં રજવાડાઓમાં વિભાજિત હતો. સરદારે અસાધારણ કુનેહ, દૂરંદેશી અને વ્યૂહરચના અપનાવીને રજવાડાંઓને ભારતીય સંઘ સાથે જોડી દીધા. માત્ર સુપ્રસિદ્ધ સમાજવાદી ચિંતક અને કર્મશીલ સદ્‌ગત મધુ દંડવતેનું એક વિધાન ટાંકવું છે જે સરદારની ભૂમિકાને સમજવા માટે ચાવીરૂપ છેઃ

"મધ્યકાલીન શોષણખોર રાજાશાહીની નાબૂદી કરીને ભારતને એક અને અખંડિત બનાવનાર તો સરદાર પટેલ જ હતા. તેમના સિવાય આવું ક્રાંતિકારી કાર્ય પાર પાડવાની તાકાત તે સમયના બીજા કોઈ પણ નેતાની નહોતી."

સરદાર પટેલ રાષ્ટ્રવાદી હતા, કોમવાદી નહીં. કોમવાદ અને રાષ્ટ્રવાદ તદ્દન ભિન્ન ખ્યાલો છે. સરદાર પટેલ જ્યારે આધુનિક, સેક્યુલર, આત્મવિશ્વાસુ અને તાકાતવાન નેશન-સ્ટેટ તરીકે ઘડવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. તેઓ રાષ્ટ્રવિધાયક હતા. સરદાર પટેલ ૨૧મી સદીની પેઢી માટે ઘણો કીમતી વારસો છોડતા ગયા છે. તેમને આ દેશના ઉજ્જવળ ભાવિ પ્રત્યે ખૂબ આશા અને શ્રદ્ધા હતી. તેમને સમજવા માટે આ રહ્યો આત્મવિશ્વાસથી રણકતો સરદારનો આશાવાદી પૈગામ; તે સામૂહિક સ્વરૂપમાં બુલંદ અવાજે લલકારવા જેવો છેઃ

*"હમ હોંગે કામિયાબ એક દિન,*
*મન મેં હૈ વિશ્વાસ,*
*પૂરા હૈ વિશ્વાસ,*
*હમ હોંગે કામિયાબ એક દિન.*
*હમ ચલેંગે સાથ સાથ*
*લિયેં હાથોં મેં હાથ,*
*હમ ચલેંગે સાથ સાથ એક દિન,*
*મન મેં હૈ વિશ્વાસ*
*પૂરા હૈ વિશ્વાસ*
*હમ ચલેંગે સાથ સાથ એક દિન*
*હમ હોંગે કામિયાબ એક દિન."*

(ઇતિહાસના ઇમરિટ્સ પ્રોફેસર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)

(એફ-૨, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલવે ક્રોસિંગ પાસે, અમદાવાદ – ૩૮૦ ૦૦૭. ફોનઃ ૦૭૯-૨૬૬૦૯૯૬૫)

# મારી સંશોધન યાત્રા

જોરાવરસિંહ જાદવ

**(ગુજરાત વિશ્વકોશ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના ઉપક્રમે તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ યોજાયેલા વ્યાખ્યાનના અંશ પ્રસ્તુત છે.)**

(ગતાંકથી ચાલુ)

સને ૧૯૭૫માં કચ્છના પ્રતિષ્ઠિત કવિ અને લોકસાહિત્યકાર દુલેરાય કારાણીને ૭૫ વર્ષ પૂરાં થતાં એમના અમૃત મહોત્સવ પ્રસંગે 'કારાણીકુંજ' અને શ્રી દુલેરાય કારાણી અભિવાદન ગ્રંથોનું સંપાદન મને સોંપાયું. ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા શ્રી મનુભાઈ શાહે કચ્છના નાતે બંને ગ્રંથો કલાપૂર્ણ રીતે છાપી આપ્યા. આમ સંપાદન ક્ષેત્રે મારો પ્રવેશ થયો. એ પછી જુદા જુદા સંશોધકો પાસે લખાવીને 'લોકસાહિત્યની અશ્વકથાઓ, નાગકથાઓ, ચતુરાઈ કથાઓ, પ્રણયકથાઓ'ના સંપાદનો પ્રગદટ કર્યા. 'સ્ત્રીજીવન' માસિકના પ્રણયકથા અંકનું સંપાદન કરી આપ્યું. 'અંજલિ' માસિકે મારી પાસે લોકવારતા અને નાગકથા વિશેષાંકનાં સંપાદનો કરાવ્યાં.

એ દરમ્યાન જનસત્તા કાર્યાલય તરફથી 'નૂતન ગુજરાત' સાપ્તાહિક પ્રગટ થતું એમાં 'લોકજીવન અને લોકસંસ્કૃતિ' પર સંપાદન શ્રી નરભેરામ સદાવ્રતીએ કોલમ શરૂ કરાવી. એમાં છેલ્લે પાને મારા લેખો ત્રણ રંગમાં છપાતા. એ લેખોનું સંકલન કરી 'લોકજીવનનાં મોતી' નામે તૈયાર કરેલો ગ્રંથ ગુજરાત સરકાર નિયુક્ત લોકસાહિત્ય સમિતિએ પ્રગટ કર્યો. ૩૦૦ પાનનાં ગ્રંથમાં ૩૫૦ ઉપરાંત ચિત્રો હતાં. જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળે રસપૂર્વક એની દીર્ઘ પ્રસ્તાવના લખી આપી. એ ગ્રંથની સુવાસ ઉડતી ઉડતી રાજસ્થાન સુધી પહોંચી અને લોકસંસ્કૃતિ શોધ સંસ્થાન નગર ચુરુ તરફથી શરૂ કરાયેલ સૌ પ્રથમ ઝવેરચંદ મેઘાણી સુવર્ણચંદ્રક ભારત સરકારના મંત્રી શ્રી વિદ્યાચરણ શુકલના હસ્તે અને શ્રી યશવંતભાઈ શુકલના પ્રમુખપદે ટાગોર હૉલમાં ૧૯૭૮માં મને અર્પણ કરાયો. એને કારણે મારા લોકજીવન અને લોકસંસ્કૃતિના શોધકાર્ય તરફ વિદ્વાનોનું ધ્યાન દોરાયું. એ પછી કે.કા. શાસ્ત્રીજી, દુલેરાય કારાણી, પુસ્કર ચંદરવાકર, જયમલ્લ પરમાર, હરિવલ્લભ ભાયાણી, ભોગીલાલ સાંડેસરા, ડૉ. હસુ યાજ્ઞિક જેવા વિદ્વાનોએ પ્રસ્તાવનાઓ લખી આપી મારા સંશોધન કાર્યને આવકાર્યું. એનાથી મારો ઉત્સાહ અનેકગણો વધ્યો.

આગળ જણાવ્યું એમ 'સૌરાષ્ટ્રની રસધાર' મને સંશોધન ક્ષેત્રમાં ખેંચી લાવી. મેઘાણીભાઈએ લોકસાહિત્યને સાહિત્ય જગતમાં માનભર્યું સ્થાન અપાવ્યું. એમને લોકસંસ્કૃતિ, લોકજાતિઓ, લોકકલાઓ ઉપર કાર્ય કરવાની ઉત્કંઠા હતી. સને ૧૯૪૭માં એમનું અવસાન થતાં એમણે સેવેલું સ્વપ્ન સાકાર કરવા મેં લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકકલાઓ, લોકજાતિઓ અને એમના મનોરંજન પર સંશોધન કાર્ય આરંભ્યું. નોકરીની જવાબદારી માથે હોવા છતાં રજાઓનો ઉપયોગ કરીને ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડાં ખૂંદવા માંડ્યાં. છાપાઓના લેખો અને આકાશવાણી પરથી પ્રસારિત થતી વાર્તાઓ અને દૂરદર્શનના ડાયરાઓને કારણે લોકો મને નામથી ઓળખતા થયા હતા એટલે આવકાર પણ સારો મળતો. ખડોળ ગામના કેશુબાપા, ઉમરાળીના શ્રી કાનાભાઈ ડાંગર, ભીમડાદના શ્રી જીલુભાઈ ખાચર, વાંદળિયાના શ્રી મોહનભાઈ પાંચાણી આ બધા કોઠાસૂઝવાળા મુરબ્બીઓ ઘણીવાર મારા પ્રવાસના સાથી બન્યા છે. એમની સાથે બેસીને એમના હૈયાંકપાટ ઉઘડાવ્યાં છે. એમના અનુભવો અને જૂના જમાનાની વાતો ચોપડામાંથી આજે પણ બોલે છે. કાનાભાઈ ડાંગર અશ્વો અંગેનું આખું શાલિહોત્ર જાણે, પચ્ચીસ જાતની પાઘડીઓ (વિવિધ જ્ઞાતિની) બાંધી બતાવે. લોકવાર્તાનો ભંડાર. વાતડાહ્યા પણ એવા. એવી કોઈ લોકવિદ્યા નહીં હોય કે એની એમને જાણકારી ન હોય! જીતુભાઈ ખાચર કાઠી સંસ્કૃતિના જીવંત પ્રતીક. કાઠી સંસ્કાર અને સંસ્કૃતિનો આખો ખજાનો ખોલી બતાવે. મોહનભાઈ પાંચાણી લોકજીવનના પ્રખર જાણકાર અને વાતડાહ્યા માણસ. પ્રવાસમાં બે કાયમી મારા જોડીદાર. હું ગાડી ચલાવું ને એ વાત માંડે. આ બધી વાતો વિસરી ન જવાય એ માટે રસ્તા પર કોઈ ઝાડના છાંયે ગાડી ઊભી રાખી હું ચોપડામાં લખવા માંડું. આ સઘળું છાપાની મારી

કોલમમાં પ્રગટ થતું રહે. કાઠિયાવાડમાં વાદી-મદારીની વસાહતો ને દંગા, બહુરૂપીઓ અને ભવાઈ કલાકારો સાથે ઘરોબો થઈ જવાથી રાતોના રાતો એમના વેશો જોયા છે. વાતો સાંભળી છે ને નોંધપોથીમાં ઊતારી છે. આજે જે કંઈ લખાય છે તે ૪૦ વર્ષ સુધી કરેલી નોંધો અને ટાંટણપોથીઓ અને રેફરન્સ બુકો ખપમાં લાગે છે. જે વિષય પર લખવાનું હોય તે અંગેની સંપૂર્ણ વિગતો હોય એ વિષય જ હાથ પર લઉં છું.

સંશોધન પ્રાવસના પરિપાકરૂપે 'ગુજરાતની લોકસંસ્કૃતિ અને લોકકલાઓ', 'ગુજરાતની લોકસંસ્કૃતિ વિરાસત', 'લોકસંસ્કૃતિમાં પશુઓ', 'પ્રાચીન ભારતીય શાસ્ત્રાસ્ત્રો', 'લોકજીવનનો કલાકસબ', 'લોકકલાના વૈતાલિકો', 'પ્રાચીન ભારતીય લોકરમતો', 'ગુજરાતના લોકવાદ્યો', 'મનોરંજન કરાવનારી લોકજાતિઓ' જેવાં ૯૧ જેટલાં સચિત્ર પુસ્તકો પ્રગટ થયાં છે. આ પુસ્તકોના લોકાર્પણ સંદર્ભે શ્રી રઘુવીર ચૌધરીએ લખ્યું પણ છેઃ 'શ્રી જોરાવરસિંહ જાદવના પુસ્તકો આ પૂર્વે પણ પુરસ્કૃત થયાં છે. એ સિવાય પોતે 'બાપુ' હોવાથી એકેય પુસ્તકને સમારંભ વિહોણું નથી રહેવા દીધું. જો કોઈ લેખકના વધુમાં વધુ પુસ્તકોના ઉદ્‌ઘાટન થયાં હોય તે એમનાં અને એમાંય વળી પ્રધાનથી ઊતરતા દરજ્જાની વ્યક્તિ પાસે ભાગ્યે જ ઉદ્‌ઘાટન કરાવ્યું હોય. આ બધો વિધિ એમને ગમે છે પણ તેઓ માત્ર વિધિવાદી નથી, સત્ત્વશીલ પણ છે.'

'ગામનો ગોર અને પાદરનું તીરથ' એનું મૂલ્ય આપણે મન ઓછું હોય છે. હું લોકસાહિત્યના સંશોધન માટે સૌરાષ્ટ્રમાં ફરતો રહ્યો પણ મારા આકરુ ગામનો અભણ ભરવાડ કુંવરો મેવાડો તો લોકવારતાનો ભંડાર છે. એની મને બહુ મોડે મોડે જાણ થઈ. એમની પાસે જઈને એક દિવસ એમનો હૈયાકપાટ ઉઘડાવ્યો. કેટકેટલી વારતાઓ એમે કંઠસ્થ. એમનો કંઠ, કહેણી અને વારતાની ઢબછબ પણ આગવી. એમની વારતાઓ ટેપરેકર્ડરમાં ઉતારી. પછી એ પ્રગટ થઈ. એમાંની 'થાવાકાળ વિદ્યાનું ભણતર' છપાઈ એટલે ડૉ. હસમુખ યાજ્ઞિક મને કહેઃ 'આ લોકકથા અદ્‌ભુત છે. તમને ક્યાંથી મળી? મધ્યકાલીન સાહિત્યમાં કે વિશ્વની લોકકથાઓમાં આવી કથા ક્યાંય જોવા મળતી નથી. આ તમારા ભાલપ્રદેશની કથા હોય તો એને વહેલાસર સંગ્રહી લેવી જોઈએ.'

મેં કહ્યું, 'હસુભાઈ! મારા સંગ્રહમાંની આ બધી કથાઓનું તમે જ સંપાદન કરો.' હસુભાઈએ મારી વિનંતી સ્વીકારી. એમણે 'જોરાવરસિંહની શ્રેષ્ઠ લોકકથાઓ' નામે સંપાદન કર્યું. આકરુ ગામના અભણ ભરવાડ પાસેથી મળેલી આ લોકકથાઓ આજે અહીં બેઠેલા શ્રી અંબાદાનભાઈ રોહડિયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવે છે. એ પણ સમયની બલિહારી જ કહેવાય ને! 'ટહૂકે સાજણ સાંભરે' અને 'નવા નાકે દિવાળી' લોકવારતા સંગ્રહો ભાવનગર યુનિવર્સિટીમાં પણ ભણાવાઈ ચૂક્યા છે.

ગુજરાતી છઠ્ઠા ધોરણમાં 'અમરો ઢોલી' નામનો મારો પાઠ ભણાવવામાં આવતો. અમરો ઢોલીને જોવા, મળવા અને એનો ઢોલ સાંભળવા માટે કેશોદની એક કન્યા શાળાની દીકરીઓ સ્પેશ્યલ બસ કરીને આકરુ આવી હતી. અમરાના ઢોલના તાલે ગરબો રમી હતી. ૭મા અને ૮મા ધોરણના પાઠ્યપુસ્તકમાં 'આપણી પાઘડીઓ' અને 'ઘોડીની સ્વામિભક્તિ' પાઠ ભણાવવામાં આવતા. એ પાઠ એક આખી પેઢી ભણી ગઈ. અત્યારે ઊંચી પોસ્ટ ઉપર બેઠેલા આઈ.એ.એસ. સુધીના અધિકારીઓ મળે ત્યારે આનંદપૂર્વક કહે છે તમારો પાઠ 'ઘોડીની સ્વામિભક્તિ' અમે ભણી ગયા છીએ. વર્ષોથી ગુજરાત સમાચારમાં તમને વાંચીએ છીએ.

સાહિત્યકારો સાથે સંબંધો હતા એવા લોકસાહિત્યના મહારથીઓ સાથે અંગત સંબંધો હોવાને કારણે જામનગરથી પીંગળશીભાઈ ગઢવી, થાનથી માનભાઈ ગઢવી, વઢવાણથી બચુભાઈ ગઢવી, સોનાગઢથી મોહનલાલ રાયાણી, દુલેરાય કારાણી, નાની સાણથળીથી દ. પૂંજાવાળા, ચલાલાથી શ્રી કાનજી ભુટા બારોટ, ભાવનગરથી શ્રી ખોડીદાસભાઈ પરમાર, ભૂજથી શ્રી રામસિંહજી રાઠોડ, જૂનાગઢથી શ્રી કેશુભાઈ બારોટ, શ્રી રતિકુમાર વ્યાસ સજ્જન સ્મૃતિમાં મારે ઘરે આવતા રહેતા. વાળુંપાણી પતાવીને રાતના અમારા ડાયરા જામતા. વર્ષો સુધી લોકવાર્તા, લોકગીતો, લોકસંસ્કૃતિથી ભર્યુંભર્યું વાતાવરણ મને ઘરઆંગણે મળતું રહ્યું. આજે એમાંના કોઈ નથી રહ્યા છે માત્ર એમનાં સંભારણા.

સંશોધન, લેખન અને પત્રકારત્વ આમ જુઓ તો જોડિયા ભાઈ જ ગણાય. સને ૧૯૬૪થી હું ગુજરાત

રાજ્ય સહકારી સંઘમાં પ્રકાશન અધિકારી તરીકે જોડાયો. 'સહકાર' સાપ્તાહિક અને 'ગ્રામસ્વરાજ' માસિક હું સંપાદન કરતો આથી દૈનિકો અને માસિકોના તંત્રી સાથે સંપર્કો સારા. પત્રકારત્વને કારકિર્દી બનાવી હોવાથી સમયાન્તરે સંદેશ, ગુજરાત સમાચાર, જનસત્તા, મુંબઈ સમાચાર, સમકાલીન, ફૂલછાબ જેવા દૈનિક પત્રો ઉપરાંત ગુજરાત ટાઈમ્સ (U.S.A.) નૂતન ગુજરાત, અખંડઆનંદ જેવા સામયિકોમાં નિયમિત કોલમો શરૂ કરી. ગુજરાત સમાચારમાં 'આપણા કસબીઓ' માટે લખ્યું. સંદેશમાં લોકવાર્તાઓ લખી. 'અખંડઆનંદ'માં 'મનોરંજન કરાવનારી' લોકજાતિઓ પર, સમકાલીનમાં 'લોકસંસ્કૃતિ' પર, 'રંગતરંગ'માં તો ૭૦૦ જેટલા લોકદેવ-દેવીઓના સ્થાનકો પર લખ્યું. જનસત્તામાં 'કહેવતકથાઓ' લખી. છાપાની કોલમ લખતી વખતે સભાનપણે આ સર્જનકાળમાંથી પુસ્તકો કરવાના છે એ સ્પષ્ટ સમજ હોવાથી મારા તમામ પુસ્તકો મારી લેખમાળાઓમાંથી જ તૈયાર થયા છે. એકપણ પુસ્તક સળંગ બેસીને મેં લખ્યું નથી.

નોકરી, લેખન પ્રવૃત્તિ અને પ્રવાસોની સાથે સાથે સંશોધન કાર્ય એકધારું ચાલતું રહ્યું. ઘણીવાર અભણ અને ગામડિયા ગણાતા માણસો પાસેથી સાચા મોતીડાં જેવી મૂલ્યવાન સામગ્રી અનાયાસે મળી જતી. તો ક્યારેક શંખ છીપલાંય સાંપડતા. અનુભવે મને સમજાયું કે લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનું કામ તો દરિયો ડોળવા જેવું છે. એના માટે અનેક જિંદગીઓ ય ઓછી પડે. તેમ છતાં ખારા સમુદ્રમાંથી મોતીડાં વીણવાના પ્રયત્નો ચાલતા રહ્યા. ચારણ, બારોટ, અને ભાટ પાસેથી કંઠસ્થ સાહિત્ય, બહેનો પાસેથી લગ્નગીતો, ફટાણાં, રાંદલગીતો, રાવણહથ્થાવાળા તુરી બારોટો પાસેથી રાસડા ને કથાગીતો, વહીવંચા બારોટો પાસેથી ઈતિહાસ અને વારતાઓ, ગરોબ્રાહ્મણ અને ચૂંદડિયા મહારાજો પાસેથી લોકજ્યોતિષ, પગીઓ પાસેથી ચોરનું પગેરું લેવાની કળા, ચોરો પાસેથી ચોરી કરવાની કળા, એમના હથિયારો અને માન્યતાની વાતો, ડાકલિયા રાવણો પાસેથી માતાજીની આરણ્યુ, ગિરના રબારીઓ પાસેથી સરજુ, ભરવાડો પાસેથી ગાય, ભેંસોની જાતો, નામોની વિગતો, ભજનિકો પાસેથી તંબૂરાના તારે ટપકતાં ભજનો, વાદી, મદારી, નટ, બજાણિયાના ખેલની બોલીઓ, દીકરીઓ પાસેથી ભરત અને મોતીપરોવણાની ભાતો, ગોર્યમાના ગીતો, રમતગીતો, રાયકા રબારીઓ પાસેથી ઊંટને પળોટવાની ને ડામ દેવાની પદ્ધતિઓ, ખેડૂવરણની બહેનો પાસેથી ઘરખોરડાં, ઓરડા, પંડ અને પશુ શણગારના ભરતકામ, ખેડૂતો પાસેથી ગાડાં, ડમણિયાં, સિગરામ, એકા, વેલડાં જેવા પરિવાહનો, ખેતીના ઓજારો, કોસ, રેંટ, શેરડીના કોલ્હા, ભૂવાઓ પાસેથી દેવદેવીઓની વાતો, ખારવાઓ પાસેથી વણણવટાની વાતો, એમના ઉત્સવો, મેળા દરિયાદેવની પૂજા, સઈ, સુથાર, સંઘાડિયા, કંસારા, સોની, લુહાર, મોચી, સરાણિયા, લુવારિયા, ઢબારા અને છાલકિયા રાવણો પાસેથી એમના ધંધા કસબની વાતો, ચારણબારોટોની બિરદાવલીઓ, કુંભારના ૩૬ કાંઠા અને વયોવૃદ્ધો પાસેથી તાવ મંતરવા, નજર બાંધવી, ઝોકો ઉતારવો, વીંછીકુંછીનું ઝેર ઉતારવું ઈત્યાદિ લોકવિદ્યાનાં ટાંચણોથી મારી નોંધપોથીઓ આજે હાંફતી પડી છે. રેફરન્સ બુકોની મારી લાયબ્રેરી છે એટલે આજે ૪૦-૫૦ વર્ષ પૂર્વેની જોયેલી, જાણેલી, સંશોધન કરેલી વાતો ગુજરાત સમાચારમાં દર રવિવારે 'લોકજીવનનાં મોતી'ના નામે લખું છું. લાખો વાંચકો નિયમિત વાંચે છે, માણે છે અને ફોન તથા પત્રો દ્વારા આનંદ વ્યક્ત કરે છે. માત્ર ગુજરાત સમાચારમાં મારા ૭૦૦ જેટલા સંશોધનાત્મક અભ્યાસ લેખો પ્રગટ થયા છે. ૧૦ જાન્યુઆરી ૧૪ના મને ૭૫મું વર્ષ બેસે છે. એ વર્ષ દરમ્યાન આ તમામ લેખો પુસ્તકરૂપે મૂકવાનું મેં વિચાર્યું છે. જેથી ભવિષ્યે લોકસંસ્કૃતિ પર કામનારા અભ્યાસીઓ અને રસ ધરાવનાર વાચકોને ઉપયોગી બની શકે.

આ બધું સંશોધન કાર્ય કરી સંતોષ માનીને હું બેસી ન રહ્યો પણ પુસ્તકો, દૈનિકપત્રો અને સામયિકો દ્વારા, આકાશવાણીના વાર્તાલાપો દૂરદર્શન અને ટી.વી. ચેનલો દ્વારા હજારો વાચકો અને લાખો દર્શકો સુધી પહોંચાડી જગતચોકમાં મૂકી આપ્યું છે. મારી લાગણી અને માગણી એટલી જ છે કે મેઘાણીભાઈ પછી મેં લોકસંસ્કૃતિનાં ખેતર ખેડ્યાં એમ મારા પછી પણ આ ક્ષેત્રે નવયુવાન સંશોધકો બહાર આવે અને આ લોકવિરાસતને જાળવવાનું કામ કરે.

(ક્રમશઃ)

('સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કૉલોની, વિજય ચાર રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૯. મો.: ૯૮૨૪૦૨૮૩૨૬)

# શિક્ષિત એટલે...

## પ્રિ. કેશુભાઈ પટેલ

આચાર્ય આનંદ શંકર ધ્રુવે એમના એક લેખમાં સુશિક્ષિત વ્યક્તિ કોને કેહવાય એ સમજાવવા ભગવાન બુદ્ધ અને બ્રાહ્મણ સુદંડનું વાર્તિક આપ્યું છે. પરિવ્રાજક ભગવાન તથાગત પરિભ્રમણ કરતા કરતા બ્રહ્મદેવ સુદંડના ગામમાં પધારે છે. નિત્યક્રમ પ્રમાણે એમનો આવાસ જનપથના પરિસરમાં બહાર આવેલા કોઈ વૃક્ષની છાયામાં જ હોય છે. સર્વેજનો ભગવાનના દર્શને જાય છે. અને તથાગતની અમૃતવાણી સાંભળી શાતા પામે છે. સુદંડને આની જાણ થતાં એ પણ ભગવાનના દર્શને નીકળે છે, ત્યાં તથાગત પણ સુદંડને મળવા નીકળેલા સામે મળે છે. સુદંડ ભગવાનના ચરણસ્પર્શ માટે નમે છે ત્યાં તથાગત તેમને બાવડેથી પકડી રોકે છે, અને કહે છે હું જ ઊઠીને તમારા દર્શને આવતો હતો. 'ભગવાન, આપે બહુ અનુગ્રહ કર્યો.' સુદંડ વિનમ્રભાવે બોલ્યો નહિ, સદંડ, હું આપના દર્શને પાવન થયો છું. તમે તો સંસારનું ઉત્તમાંગ 'બ્રાહ્મણ' છો. બહુશ્રુત છો, અને શીલવંત છો. સમાજને જ્ઞાન-ઉપદેશનું સતત વિતરણ કરો છો. એટલે સમગ્ર સમાજના તમે વંદનીય વિદ્વાન છો. આમ બ્રાહ્મણ એટલે બહુશ્રુત સુશિક્ષિત વ્યક્તિ. પછી બ્રાહ્મણના પાંચ લક્ષણો બુદ્ધ આપે છે. રૂપ, કુલ, શ્રુત, પ્રજ્ઞા અને શીલ – આ પાંચેય ગુણો હોય તેને જ સુશિક્ષિત કેહવાય.

આચાર્ય આનંદશંકર આ પાંચેય ગુણોનું વિસ્તારથી વિવરણ કર્યું છે. આજના સંદર્ભમાં સુશિક્ષિત ગણાતા કેળવાયેલા માણસમાં આ ગુણો હોવા જોઈએ.

### એને જરા વિસ્તારથી સમજીએ–

**રૂપ** – એટલે માત્ર બાહ્ય સૌન્દર્ય નહિ. શારીરિક રીતે તંદુરસ્ત અને ઘાટીલો, સુશ્લિષ્ટ બાંધો. આ તંદુરસ્ત શરીર એ કેટલેક અંશે આનુવંશિક કે ઈશ્વરીય દેન છે. પણ શરીરને નિરોગી તંદુરસ્ત રાખવા માટે સતત કસરત, પૌષ્ટિક ખોરાક, નિયમિતતા – વગેરે જાણવણી જોઈએ. આપણે ત્યાં शरीरम् उत्तद्यम् खलु धर्मसाधनम् । કહ્યું છે. કૌવતપૂર્વ શરીરનું મહત્ત્વ કર્યું છે. માત્ર ધર્મ જ નહિ, સંસારમાં સારી રીતે જીવવા માટે પરિશ્રમની પણ જરૂર પડે છે. આપણી શાળા, મહાશાળાઓમાં તગડા પગાર આપી ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટરો રાખવામાં આવે છે. પરંતુ આપણા રમતગમતમાં મેદાનો (જો હોય તો) ખાલીખમ હોય છે. એથલિટિક પ્રવૃત્તિઓ રમતોની તાલીમ ભાગ્યે જ અપાય છે. એટલે શાળામાં ભણતા આપણાં યુવા-યુવતીઓ શરીરથી તકલાદી લાગે છે. તો રૂપ એટલે સુદૃઢ, સશક્ત, કેળવાયેલું તનધન. જે 'ધર્મસાંધન' એટલે બધાં જ કર્તવ્યો માટેનું પ્રાથમિક અને અગત્યનું સાધન છે. એ સાધન જ નથી સાધ્ય પણ છે. કહેવાયું છે Healthy mind is in healthy body.

**કુલઃ** કુળ એટલે કુટુંબ પરિવાર ઉપરાંત કુટુંબનો પરંપરાગત પેઢી દર પેઢી ઉતરી આવેલ વારસો જેમાં પ્રતાપી પૂર્વજો દ્વારા મૂલ્યો માટેના સંઘર્ષો – સાચવણી અને એમની વ્યક્તિ તરીકે મહાનતા. આ બધું જાણી, સમજી વારસદાર પઢીમાં એક પ્રકારની ગુરુતાગ્રંથિવાળું કુલાભિમાન આવે છે. જે ઘણીવાર યુવાનોને અવળે રસ્તે જઈ અધઃપતન થતાં રોકે. કુળનો બીજો અર્થ પિરવાર ભાવના. આપણું મહાકાવ્ય રામાયણ અનેકવિધ સંબંધોમાં દેખીતી પરિવાર ભાવનાના ઉમદા 'આદર્શ'ને પ્રગટ કરે છે. વળી સંયુક્ત કુટુંબમાં ઉછરતા બાળકને ઘણા બધા સંસ્કારોની કેળવણી મળી રહે છે. તે સાથે પારિવારિક શિસ્ત અને સમર્પણનાં મૂલ્યો સહજ રીતે વ્યક્તિત્વ 'ઘડતર'માં ઉપયોગી બને છે.

**શ્રુતઃ** એટલે વિદ્યાભ્યાસ, પુરાણકાળમાં પુસ્તકોની વ્યાપક સુવિધા નહોતી એટલે 'શ્રુત' કહેતાં સાંભળીને વિદ્યા કે જ્ઞાન ગ્રહણ કરવામાં આવતું. આ વિદ્યાભ્યાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. આપણા વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારી કરે છે. અને પરીક્ષા પતી એટલે વાંચ્યું કે ગોખ્યું, એ બધું ભૂલી જવાનું. અહીં 'શ્રુત' એટલે ગુરુ પાસેથી મળેલું જ્ઞાન એવું તો કંઠસ્થ હોય કે વર્ષો પછી પણ તમે બીજાને આપી શકો. સંસ્કૃતમાં સુભાષિત છે કે મામ વિદ્યા જ એવી અમૂલ્ય વસ્તુ છે એ આપવાથી વધતી રહે છે. વળી જ્ઞાનની કોઈ સીમા નથી. તમે જીવનપર્યંત જ્ઞાન સંપાદન કરતા રહો એને જ સાધના કહેવાય. વળી શ્રુતના લક્ષ્યાર્થમાં જ્ઞાન ઉપરાંત સામાજિક વ્યવહારના અનુભવનો પણ સમાવેશ થઈ જાય છે. શિક્ષિત વ્યક્તિ પોતાના વિષયનો તજ્જ્ઞ તો હોવો જ જોઈએ.

**પ્રજ્ઞાઃ** એટલે ડહાપણ – આંતરસૂઝ - Wisdom. અર્જિત કરેલું જ્ઞાન, ઉપદેશ કે અનુભવ એકાકાર થઈ તમારા વ્યક્તિત્વમાં ઓગળી જાય અને જીવનના દરેક

પાસાને કે પરિસ્થિતિને પામવા, સમજવાની વિવેકબુદ્ધિ પ્રગટે એ જ પ્રજ્ઞા. દા.ત. આપણે ખોરાક ખાઈએ એનું સત્ત્વ આપણા લોહીમાં ભળે અને તન, મનમાં જે તેજસ્વિતા પ્રગટે એ રીતે જ્ઞાન તમારા વ્યક્તિત્વમાં ઓગળી જાય ત્યારે પ્રજ્ઞા પ્રગટે, જીવનના ગમે તેવા સંજોગો કે પ્રશ્નોમાંથી ઉકેલ શોધવાની વિશિષ્ટ શક્તિ એ પ્રજ્ઞા. આપણે મેળવેલા ટેકનિકલ કે પ્રોફેશનલનો ઉપયોગ કરવાની ક્ષમતા એટલે પ્રજ્ઞાશક્તિ.

**શીલઃ** જીવન મૂલ્યોનું સંવર્ધન કરનારું ઉમદા ચારિત્ર્ય Character.' પેલી અંગ્રેજીમાં સરસ વાત છે, If Character is lost, everything lost. સનુષ્યને મનુષ્ય બનાવનાર એનું ચારિત્ર્ય છે. જેમ ગોરસને વલોવી આપણે ઘી બનાવીએ તેમ મનુષ્ય અનેક પ્રકારનાં લોભ-લાલચો કે સાંકડી સ્વાર્થવૃત્તિ સાધવા જતાં મૂલ્યોનું ધોવાણ કરે, ભ્રષ્ટાચાર આદર્શ, અધઃપતનની ઊંડી ખાઈમાં પડે છે, જ્યારે ઉમદા ચારિત્ર્યવાળી માનવતા અડીખમ રહે છે. અને બુદ્ધ છેવટે કહે છે આ પાંચ મૂલ્યોમાં અગત્યનું તો શીલ એટલે ચારિત્ર્ય.

આપણા વિદ્યાધામો મનુષ્યને શિક્ષિત બનાવે છે એટલે કે જુદી જુદી વિદ્યામાં પારંગત બનાવે છે. સાહેબ, ડૉક્ટર, ઈજનેર કે વકીલ બનાવે છે પણ એમને માનવતાપૂર્ણ મનુષ્ય બનાવે છે?

(એ-૪૦, ઉત્સવ બંગલોઝ, સુખાપુરા રોડ, રેલવે કૉલોની પાસે, મહેસાણા. મો.: ૯૮૨૪૬૭૯૯૬૩)

*// પ્રતિભાવ //*

ઑક્ટોબર માસના અંકમાં જ્ઞાન-વિજ્ઞાન વિભાગમાં પ્રસિદ્ધ થયેલ લેખ – 'હરિયાળી ક્રાંતિ'માં અગ્રેસર – આયોનિક દ્રાવકો રસાયણશાસ્ત્રમાં ગ્રીન કેમેસ્ટ્રી અંતર્ગત થઈ રહેલા 'ગ્રીન સોલ્વન્ટ્સ' એટલે કે 'હરિત દ્રાવકો' કે જે અત્યારના દ્રાવકો કરતા પર્યાવરણને ઓછા નુકસાનકારક છે તેવા દ્રાવકો વિશેની માહિતી આપે છે.

આ લેખનું શીર્ષક 'રસાયણ વિજ્ઞાનની હરિત ક્રાંતિમાં અગ્રેસર – આયોનિક દ્રાવકો' વધારે યોગ્ય જણાય છે.

ડૉ. ઉર્વીશ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, એન. વી.પાસ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર

*// જ્ઞાન-વિજ્ઞાન //*

## સ્વાઈન ફ્લૂ : જૂનો રોગ, નવો પડકાર

**યોગેશ આર. પટેલ**

જર્નલ ઑફ એડવાન્સિઝ ઇન ફાર્મસી એન્ડ હેલ્થ કેર રિસર્સમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ ઓગણીસમી સદીમાં ફ્લૂએ જગતને ઘણી વાર પોતાના સકંજામાં લીધું હતું. પરંતુ વીસમી સદીમાં થયેલા ફ્લૂના ત્રણ હુમલાઓએ લાખ્ખોની સંખ્યામાં લોકોને મોતના મુખમાં ધકેલી દીધા હતા. ખરેખર, ઈ.સ. ૧૯૧૮-૧૯૧૯ના એક વર્ષમાં થયેલા ફ્લૂના વિશ્વવ્યાપી હુમલામાં માનવ ખુવારીનો આંક લગભગ ૨-૫ કરોડ જેટલો હતો, જે પ્રથમ વિશ્વયુદ્ધના ચાર વર્ષ દરમ્યાન થયેલા માનવ મોત કરતાં પણ વધારે હતો. આ હુમલો 'સ્પેનિશ ફ્લૂ' તરીકે જાણીતો છે. ત્યારબાદ ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૮માં થયેલ ફ્લૂના હુમલાઓ અનુક્રમે 'એશિયન ફ્લૂ' અને 'હોંગ-કોંગ ફ્લૂ' તરીકે ઓળખાય છે. છેલ્લા પચાસ વર્ષોમાં સ્ટિમર તથા વિમાન જેવી ઝડપી પરિવહન વ્યવસ્થાઓને લીધે લોકોનું સ્થળાંતર વધ્યું છે, જેને કારણે ફ્લૂનો વ્યાપ વિશ્વવ્યાપી બન્યો છે.

હ્યુમન સ્વાઈન ઈન્ફ્લૂએન્ઝા-A (સ્વાઈન ફ્લૂ - $H_1N_1$) એ હવા દ્વારા ખૂબ ઝડપથી ફેલાતો ચેપી રોગ છે. શિયાળાની ઋતુ દરમિયાન આ રોગની અસરકારકતા વધારે હોય છે. નાના બાળકો અને વૃદ્ધ વ્યક્તિઓમાં આ રોગનાં લક્ષણો વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ રોગનાં કારક ઈન્ફ્લૂએન્ઝા-A નામના વિષાણુ છે. આ વિષાણુનું જનીનિક બંધારણ રાઈબોન્યુક્લિક એસિડ (RNA)ની આઠ શૃંખલાઓનું બનેલું હોય છે, જે મુખ્યત્વે ૧૦ જેટલા પ્રોટીન બનાવે છે. આ પ્રોટીનમાં હિમએગ્લુટિનિન (H) અને ન્યુરામિનિડેઝ (N) મુખ્ય છે, જેઓ વિષાણુઓના માનવ કોષ પર સ્થાપન અને નવા વિષાણુઓની મુક્તિ માટે જવાબદાર છે. સ્વાઈન ફ્લૂનો વિષાણુ માનવ,

ડુક્કર અને પક્ષીઓમાં થતા ફ્લૂના વિષાણુઓના સંયોજનથી બને છે. આ વિષાણુનું જનીનિક બંધારણ સમયાંતરે ગુણવિકાર પામતું હોવાથી, સ્વાઈન ફ્લૂ રોકવા માટે વપરાતી ચોક્કસ પ્રકારની દવાઓ તથા રસી લાંબા સમયપર્યંત અસરકારક રહેતી નથી.

### સ્વાઈન ફ્લૂનાં લક્ષણોઃ

આ રોગનાં લક્ષણો ઘણી વખત બીજા રોગો સાથે સામ્યતા ધરાવે છે. આ લક્ષણોમાં મુખ્યત્વે તાવ, ઉધરસ, ગળામાં દુઃખાવો, શ્વસનતંત્રને લગતી મુશ્કેલીઓ જેવી કે નામ બંધ થઈ જવું, નાકમાંથી પાણી પડવું (વહેતું નાક), ઊલટી, ઉબકા, ઝાડા, માથાનો દુઃખાવો, ઠંડી લાગવી, સ્નાયુઓનો દુઃખાવો વગેરે છે. તેમજ ખૂબ ઓછા કિસ્સાઓમાં આંખનો દુઃખાવો પણ જોવા મળે છે.

### સ્વાઈન ફ્લૂનું વિસ્તરણ તથા ચેપ નીચે દર્શાવેલ વ્યક્તિઓમાં સવિશેષ જોવા મળે છેઃ

૧. ૫ વર્ષથી નાની ઉંમરના બાળકો, ૨. ૬૫ વર્ષ અને તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ, ૩. લાંબા સમયથી શ્વસન તંત્રના રોગી (દમના દર્દીઓ), હૃદય, મૂત્રપિંડ, યકૃત, લોહી, ચેતાતંત્ર, સ્નાયુઓના સંલગ્ન-રોગોથી પીડાતી વ્યક્તિઓ તેમજ મધુપ્રમેહના વ્યક્તિઓ, ૪. દવાઓ દ્વારા રોગ પ્રતિકારક શક્તિ ઘટાડી હોય તેવી વ્યક્તિઓ અથવા AIDS ના દર્દીઓ, ૫ ગર્ભવતી સ્ત્રીઓ, ૬. લાંબા સમય માટે એસ્પિરીનની સારવાર લીધી હોય તેવી ૧૯ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિઓ, ૭. હોસ્પિટલના તબીબ અને પરિચારિકાઓ.

### સ્વાઈન ફ્લૂને અટકાવવાના ઉપાયોઃ

રોજિંદી ક્રિયાઓ દરમ્યાન લેવામાં આવતી કાળજી સ્વાઈન ફ્લૂ વિષાણુઓનો ફેલાવો રોકવામાં કારગત નીવડે છે. આ ક્રિયાઓ જેવી કે, ૧. છીંક તથા ઉધરસ ખાતી વખતે નાક તથા મોંને રૂમાલ તથા ટિસ્યૂ પેપરથી ઢાંકવું જોઈએ. ૨. ટિશ્યૂ પેપરનો કચરા પેટીમાં યોગ્ય નિકાલ કરવો જોઈએ. ૩. છીંક તથા ઉધરસ ખાધા પછી હાથ સાબુ વડે બરાબર ધોવા જોઈએ. ૪. બીમાર વ્યક્તિઓ સાથે નજીકનો સંપર્ક ટાળવો જોઈએ. ૫. બીમારી વખતે ઘરમાં જ રહેવું જોઈએ, તેમ જ બીજી વ્યક્તિઓમાં આ રોગનો ફેલાવો રોકવા માટે તેમની સાથે મર્યાદિત સંપર્ક રાખવો જોઈએ. ૬. આંખો, નાક તથા મોંને વારંવાર અડકવું જોઈએ નહીં.

### સ્વાઈન ફ્લૂના ઉપચારઃ

#### ૧. એલોપેથિક ઉપચાર

આ ઉપચાર પદ્ધતિમાં વિષાણુ વિરોધી દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. દરેક ઉંમરની બીમાર વ્યક્તિની સરાવાર આ દવાઓ દ્વારા શક્ય છે. સ્વાઈન ફ્લૂના લક્ષણો દેખાયાના ૪૮ કલાકમાં દવાઓ શરૂ કરવાથી રોગની ગંભીરતા ઘટાડી શકાય છે. આ ઉપચાર પદ્ધતિમાં મુખ્ય તો ચાર પ્રકારની દવાઓ જેવી કે ઓસેલ્યમીર (ટેમી ફ્લૂ), ઝાનામીવીર, એમાન્ટાડીન અને રીમાન્ટાડીનનો વપરાશ કરવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રીઓ માટે ઓસેલ્ટામીરની સારવાર ખૂબ જ અસરકારક ગણવામાં આવે છે, જ્યારે ઝાનામાવીર શ્વાસ દ્વારા લેવાતી દવા છે. આ દવાઓનું સેવન સંબંધિત તબીબની સલાહ હેઠળ કરવું ખૂબ જ આવશ્યક છે.

#### ૨. હોમિયોપેથિક ઉપચારઃ

હોમિયોપેથિક સારવાર હેઠળ આવતી દવાઓ જેવી કે, જેલ્સેમિયમ, બાપ્ટિસિયા, આર્સેનિકમ, આર્સેનિકમ આયોડાઈડ, ફાયટોલેક્કા, બેલાડોના, બ્રાયોનિયા, કેમ્ફોરા, ટ્યુબરક્યુલિનમ, ફોસ્ફોરિક એસિડ વગેરે સ્વાઈન ફ્લૂ તથા સંબંધિત બીમારી વખતે યોગ્ય તબીબની સલાહ અનુસાર આપવામાં આવે છે.

#### ૩. આયુર્વેદિક ઉપચારઃ

કોઈપણ વિષાણુજન્ય રોગ જેવા કે સ્વાઈન ફ્લૂની સારવાર માટે આયુર્વેદિક અભિગમ આપણી રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરવાની ક્ષમતા પર આધારિત છે. આ પદ્ધતિ પ્રાચિત તથા નિર્દોષ માનવામાં આવે છે. આ સારવાર હેઠળ આવતી ઘણી વનસ્પતિઓ તેમજ રસોડામાં વપરાતી વસ્તુઓ સ્વાઈન ફ્લૂને દૂર કરવામાં કારગત નીવડી છે. જેમાંના થોડાક ઔષધોનું વર્ણન નીચે દર્શાવેલ છેઃ

**(A) ગળોઃ** તેને ત્રિદોષક ઔષધિ માનવામાં આવે છે. સ્વાઈન ફ્લૂ ઉપરાંત તાવ, સંધિવા, કમળી, ત્વચા

રોગો, સિફિલિસ, કબજિયાત, ક્ષય અને રક્તપિત્તની સારવારમાં પણ તેનો ઉપયોગ થાય છે. તે એક શક્તિશાળી રક્ત શુદ્ધિકારક છે, તેમજ અંતર્જાત અને બાહ્ય ઝેરના નિકાલ માટે ખૂબ જ અસરકારક છે. તે પક્ષી ફ્લૂ (બર્ડ ફ્લૂ) અને ચીકનગુનિયા જેવા રોગો માટે પણ આદર્શ ઔષધ છે.

**(B) તુલસીઃ** સંશોધનો દર્શાવે છે કે તુલસીનો છોડ બળતરા વિરોધી, એન્ટિ-ઓક્સિડન્ટ તથા જીવાણુ વિરોધી ગુણધર્મો ધરાવે છે. સ્વાઇન ફ્લૂની સારવાર માટે તુલસીને એક આદર્શ વિકલ્પ ગણવામાં આવ્યો છે. ઘણા આયુર્વેદિક વપરાશકારોનું માનવું છે કે તુલસીનો છોડ સ્વાઇન ફ્લૂના વિષાણુઓને દૂર ભગાડવાની સાથે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો કરે છે. સ્વાઇન ફ્લૂના નિયંત્રણ માટે તુલસીના તાજા પાનનો ઉપયોગ કરવો આવશ્યક છે. ઓછામાં ઓછા ૨૫ પાનમાંથી બનેલ રસ અથવા લુગદીનું ભૂખ્યા પેટે સેવન કરવાથી ખૂબ જ અસરકારક પરિણામ મેળવી શકાય છે. વળી તેનો ઉપયોગ આડઅસરરહિત તથા સુરક્ષિત છે.

**(C) આદુઃ** તે દુઃખાવાનાશક, સંધિવા, લોહિવા, સાંધાના દુઃખાવામાં અસરકારક એન્ટિઓક્સિડન્ટ છે. અપચો કે મોળ આવવા જેવા લક્ષણોમાં પણ તેનું સેવન કરવામાં આવે છે. તે હૃદય માટે ગુણકારી તથા શરદી માટે ઉપયોગી છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારી સ્વાઇન ફ્લૂ જેવા રોગોના આક્રમણથી શરીરનું રક્ષણ કરે છે.

**(D) લસણઃ** તે ખોરાકમાં સ્વાદ વધારનાર, ચેપી રોગોનાં જંતુઓનો નાશ કરનાર તેમજ શરદીમાં રાહત આપનાર છે. તે સ્વાઇન ફ્લૂના વિષાણુઓનો નાશ કરવામાં ખૂબ જ મદદરૂપ છે. મનુષ્ય તથા પશુઓમાં વિષાણુ સંબંધિત બીમારીઓની સારવાર માટે લસણનો ઉપયોગ ખૂબ સંતોષકારક નીવડ્યો છે.

**(E) કાળી મરીઃ** આયુર્વેદમાં તેનો ઉપયોગ પાચનશક્તિ સુધારવા, ભૂખ વધારવા, ઉધરસ, શરદી, શ્વસનતંત્રની બીમારીઓ, હૃદયના રોગી, મધુપ્રમેહ, પાંડુરોગ તથા હરસના ઉપચારમાં વર્ણવ્યો છે. બીજા ઔષધ સાથે આપવાથી કાર્યશક્તિ વધારનાર તથા રોગપ્રતિકારક શક્તિ સુધારનાર છે.

**(F) હળદરઃ** લીલી હળદર શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારનાર છે. તેમાં હાડકાં અને માંશપેશીઓને સાંધવાનો ગુણ છે. તેનું સેવન કેન્સર સામે લડવામાં પણ ઉપયોગી છે.

**(G) કપુર અને નીલગીરીનું તેલઃ** કપુર હવા દ્વારા ફેલાતા રોગોને કાબૂમાં રાખે છે. ઓરડા તથા કાર્યાલયમાં કપુરની ગોટી અથવા તેલનો ધુમાડો હવા શુદ્ધિકારક છે. સ્વાઇન ફ્લૂ દરમ્યાન નીલીગીરીના તેલનાં થોડાંક ટીપાં હૂંફાળા પાણીમાં નાખી, તેનો નાસ લેવાથી બંધ નાક તથા શ્વસનમાર્ગ ખૂલે છે.

### હર્બલ ચાઃ સ્વાઈન ફ્લૂ પ્રતિકારક આદર્શ પીણું

આશરે ૨૦૦ મિલીલિટર જેટલું પાણી લઈ, તેની માત્રા અડધી થાય ત્યાં સુધી ઉકાળો. ત્યારબાદ તેમાં ૧૦થી ૧૫ તુલસીના પાનનો રસ, ૫ મિલીલિટર આદુનો રસ, લવીંગ, તજનું લાકડું, ફૂદીનાના સૂકા પાન, એલચી, હળદર અને સિંધવ મીઠું એમ દરેકનો અડધી ચમચી જેટલી માત્રામાં ભૂકો (પાવડર) મેળવી થોડા સમય માટે ઉકાળો. સહેજ ઠંડું પાડ્યા પછી તેનું સેવન ખૂબ જ ફાયદાકારક છે.

સ્વાઈન ફ્લૂ તથા તેને સંબંધિત રોગોમાં નીચે દર્શાવેલ આયુર્વેદિક દવાઓનું પણ સેવન કરી શકાય છે. શીતોપલાદી ચૂર્ણ, નારદીય લક્ષ્મીવિલાસ રસ, હરિદ્ર ખંડા, તલિસદી ચૂર્ણ, ખદીરાદી ગુટિકા, લવાગડી ગુટિકા, માલ્લા સિંદુરા, સમ્મીર પન્નાગા રસ, ચંદ્રમરિતા રસ, ચોસઠ પ્રહરી પીપળી, સુવર્ણ વસંતા માલિની રસ, શ્વાસા-કુથરા રસ વગેરે.

સાથે સાથે પંચકર્મ વિધિ જેવી કે નશ્ય, કર્મ અને સદયવામન કર્મ પણ સ્વાઇન ફ્લૂ તેમજ શ્વસનતંત્રના ઘણા રોગોમાં સંતોષકારક પરિણામ આપે છે.

આમ, આયુર્વેદની રીતે કોઈપણ રોગનો અટકાવ તેની સારવાર કરતાં વધારે મહત્ત્વનો છે. તેથી જ આયુર્વેદમાં જણાવ્યું છે કે स्वास्थस्य् स्वास्थ्य रक्षणम् – અર્થાત્ જો તમારો જઠરાગ્નિ (ભૂખ) સામાન્ય હશે, તો રોગપ્રતિકારક શક્તિ બળવાન બનશે. જેથી કોઈપણ રોગ તમારી ઉપર હુમલો કરી શકશે નહીં.

(આસિસ્ટન્ટ પ્રોફેસર, માઈક્રોબાયોલોજી વિભાગ,
એનવીપાસ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦.
મો.: ૯૪૨૮૦૧૩૮૩૭)

## ડાયાબિટીસની સારવાર

### યોગેશ દેવલે, એ.આર.વી. મૂર્તિ

(ગતાંકથી ચાલુ)

આયુર્વેદ પ્રમાણે જો આ વ્યાધિ કફ દોષ વધવાથી થાય તો તે સાધ્ય છે એટલે કે ચિકિત્સાથી વધુ ફાયદો થાય છે. પિત્ત પ્રકારમાં જ્યાં સુધી દવા લેવામાં આવે ત્યાં સુધી આરામ રહે છે. વાતજ પ્રકારમાં હંમેશાં દવા લેવી જ પડે છે. આ પ્રકાર અસાધ્ય છે. જે ક્યારેય ઠીક ન થઈ શકે.

**ડાયાબિટીસ મુખ્ય બે પ્રકારના રોગીઓને થાય છે.**

– સ્થૂળતા સાથે ડાયાબિટીસ હોય તો પંચકર્મ દ્વારા શરીરનું શોધન કરાવવું એ સારવાર છે. આનાથી જે દોષ શરીરમાં વધેલા છે તેને બહાર કાઢી શકાય છે.

– જો પાતળું શરીર અને ડાયાબિટીસથી પીડાતા હોય તેઓને વજન વધારવાની સારવાર કરવી પડે છે. આ ઉપરાંત તેઓને સંર્તપળ એટલે કે વજન જાળવી રાખવાની જરૂર હોય છે.

**ડાયાબિટીસના રોગીઓ માટે પથ્યાપથ્યઃ**

| પથ્ય (આ કરવું) | અપથ્ય (આ ન કરવું) |
|---|---|
| જમ્યા પછી ચાલવું (આને આયુર્વેદમાં શતયોજન કહ્યું છે.) | જે કારણોથી આ રોગ ઉત્પન્ન થાય છે એ કારણોનો ત્યાગ કરવો. |
| કસરત કરવી | કસરત ન કરવી |
| દિવસે ઊંઘ ન લેવી | બેસી રહેવું. |
| હલકો ખોરાક ખાવો. | દિવસે સૂવું. |

ચાલવું, દોડવું, તરવું વગેરે પ્રકારની કસરતો કરવી જોઈએ. નવા અનાજો, દૂધ, દહીં, તેલ, ઘી, ગોળ, ખાંડ, શેરડીનો રસ, ખાટી વસ્તુઓ, મેંદાની વાનગીઓ ન ખાવી.

જળચર પ્રાણીઓનું માંસ વધુ ખાવું.
ધૂમ્રપાન કરવું.
દારૂ તથા તેના જેવા પદાર્થોનું સેવન.

ડાયાબિટીસમાં ઉપયોગી થઈ શકે તેવી ઘરગથ્થુ ઔષધિઓઃ

કોઈપણ ઔષધ ડૉક્ટરની સલાહ વગર ના લેવું જોઈએ. આયુર્વેદની ઔષધિ જ્યારે રોગીની પ્રકૃતિ અનુસાર આપવામાં આવે છે ત્યારે તે ગુણાકારી નીવડે છે અને અંગ્રેજી દવાઓ સાથે લેવાથી વધારે અસરકારક નીવડે છે.

**રોજબરોજ ઉપયોગમાં લેવાતી ઔષધિઓઃ**

આમળા, હળદર, તજ. તમાલપત્ર, લસણ, કારેલા, મેથી, લીમડો, બીલીના પાનનો રસ

ડાયાબિટીસના રોગીને લઈ શકાય તેવો પથ્ય આહારઃ

જવ, સામો, કોદરી, જૂના ચોખા, સાઠી ચોખા, કળથી, ચણા, મગ, તુવેર

શાકભાજીમાં કડવા શાકભાજી જેવા કે પરવળ, મેથી, કારેલા

ફળોમાં સક્કરટેટી,. પપૈયુ, દાડમ જેવા ઓછી ગ્લાયસેમિક ઈન્ડેક્ષ ધરાવતા ફળો, આમળા, કોળું, જાંબુના બી (પાવડર કરીને)

દૂધની બનાવટોમાં બકરીનું દૂધ અને તાજી છાશ (ઘરના દહીંમાં ૫ ગણું પાણી નાખી બનાવેલી છાશ)

માંસાહારમાં જંગલમાં રહેતા પ્રાણીઓનું માંસ, પોલ્ટ્રી તથા બકરાનું માંસ ન લેવું.

તેલઃ તલનું, સરસવનું કે સૂર્યમુખીનું, પરંતુ માત્રા અનુસાર (તેલનું પ્રમાણ મહિનામાં અડધો લિટર જેટલું વ્યક્તિ દીઠ)

**આયુર્વેદ તથા અંગ્રેજી દવાઓનો સમન્વયઃ**

આજકાલ અંગ્રેજી તથા આયુર્વેદ દવાઓનો સમન્વય ચાલી રહ્યો છે. ઈન્ડિયન જર્નલ ઓફ ફાર્મેકોલોજીમાં પ્રકાશિત લેખમાં ડૉ. ઊર્મિલા થત્ભે, ડૉ. રેણુકા મુન્દ્રે તથા ડૉ. સુપ્રિયા ભાલેરાજ એમને આયુર્વેદીય ગુડુચી, હળદર તથા આમળા ને ઈન્સ્યુલીન સાથે આપવાથી થતા પરિણામોનો પેશી પર અભ્યાસ કર્યો અને તેમના સંશોધનના અનુસાર આ ઔષધિઓથી ઈન્સ્યુલીનની અસર વધે છે. એટલે બંને સાથે આપવામાં આવે તો ઈન્સ્યુલીનની માત્રા ઓછી કરી શકાય છે. પણ આ દવાઓ પણ ડૉક્ટરની સલાહ અનુસાર લેવી જોઈએ.

અગત્યની વાત ડાયાબિટીસના પરિણામરૂપ જન્મતા રોગો જેવા કે ન્યુરોપેથી, રેટીનોપેથી, કિડનીની બીમારીઓને રોકવામાં આયુર્વેદની ઔષધિઓ ઉપયોગી છે.

(સંપૂર્ણ)

(જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

# અંગ્રેજી કવિતાનો ગુજરાતી અવતાર

**જ્યોતીન્ પટેલ**

(૧)

It was spring, but it was summer I wanted–
The days, and the great outdoors.
It was summer, but it was fall I wanted–
The colourful leaves, and the cool, dry air.
It was fall, but it was winter wanted–
The beautiful snow, and the joy of the holiday season.
I was a child, but it was adulthood I wanted–
The freedom, and the respect.
I was twenty, but it was thirty I wanted,
To be mature, and sophisticated.
I was middle-aged, but it was 20 I wanted–
The youth, and the free spirit.
I was retired, but it was middle-age I wanted–
The presence of mind, without limitations.
My life was over,
But I never got what I wanted.

**– Joson Lehman**

## જો આજ ભૂલ્યા તો...

ખીલી'તી વસંત રંગ ભરી જ્યારે, ત્યારે અભરખો જાગે ગ્રીષ્મ કેરો –
ગ્રીષ્મી-ઉષ્ણ હવા સંગ મુક્ત ભમવા મનમાં જાગે કોડ.
આવી પૂગ્યો ઉષ્ણ ઉષ્ણ ગ્રીષ્મ તો પાનખર કેરી પ્યાસ જાગે હૈયે –
તલસું શીતળ 'ને રંગભર પર્ણસભર વનરાજી કાજે.
માગી આવી પાનખર જ્યારે, તલસું ડિલઠાર ટાઢા શિયાળા માટે–
કૂદકાતું મનડું કરવા મસ્તી ધવલ બરફીલી ચાદર માંહ્યે.
હતો બાળ નાનકો ત્યારે, હતા મનોરથ ઝાઝા યૌવને પૂગવા તણા –
યહતો'તો આઝાદી 'ને ચહતો ઈજ્જત કરે લોક મારી.
વીસી કેરી ઉંમરે મન મોર નાચે, કરે ટહુકો ઉંમર ત્રીસીની પામવા–
થાઉં પાકો સમજણે, જગત સંગ સંગ કદમ માંડું મારા
પહોંચ્યો ચાલીસીએ હુ, વિતાડે યાદ દિનરાત મધુર વીસી તણી –
પુનઃ યૌવન પામવું છે મારે, ભરવી અનેરી ઉડાન મારે.
થયો નિવૃત્ત ધંધે-ધાપે જ્યારે, ઊમટે અભરખા જબરા પ્રૌઢતાના–
ચાહતો ચેતના મન મસ્તકે 'ને જીવન ઊર્જાથી ભરેલું.
પળ પળ વિત્યું આ જીવન મુજ કેરું છલોછલ એષણાથી ભરેલું –
મેળવ્યું શું આખરે મેં બસર કરી જે જિંદગીની કેડીએ?
મળી ગયો જવાબ... "ઠેંગો... ઠેંગો... ઠેંગો...જ ને!!!"

(૨)

If your lips would keep from slips;
Five things observe with care;
To whom you speak,
Of whom you speak,
And, how,
And when
And where.

**– Anonymous**

## જોજે લપસે હોઠ ના તારા

વશમાં રાખ હોઠને તારા,
બોલતાં પૂર્વ ધર હૈયે પાંચ રત્નો,
ઉઘડે જ્યારે હોઠ તારા –
કર વિચાર ભૈ પળ બે પળ ત્યારેઃ
બોલતો તું કોની સામે –
બોલતો તું કોના માટે –
બોલવા તણું ટાણું કયું છે –
બોલવા તણું થાણું કયું છે –
'ને વળી...
છે ભાત કેવીક બોલવાની તારી.

('અવિચળ' બંગલો, શાસ્ત્રી માર્ગ, વલ્લભ વિદ્યાનગર)

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## સ્ત્રીઃ માતા, બહેન અને વધૂ

માતૃદેવો ભવ...

તૈતિરીય ઉપનિષદના આચાર્ય ગુરુકુળમાં અભ્યાસ પૂરો કરીને ઘેર પાછા ફરતા વિદ્યાર્થીને ઉપદેશ આપે છે કે માતાને દેવતાની જેમ પૂજવી![૧]

ઉત્તર વૈદિક કાળમાં માતા હંમેશાં પૂજનીય રહી છે. સ્ત્રી તેના અન્ય સ્વરૂપોમાં ટીકાપાત્ર બની છે, પરંતુ તેનું માતૃરૂપ અનિંદનીય રહ્યું છે. સ્ત્રી માતા બને ત્યારે તે પૂર્ણ થાય છે[૨] એવું કહેવાતું. માતાના રૂપમાં સ્ત્રીનું વ્યક્તિત્વ વાત્સલ્યપૂર્ણ બની જતું. તે કુટુંબ માટે સંજીવનીનું કામ કરતી. તે ત્યાગ, તપ અને પ્રેમની ત્રિવેણી હતી. માતા પરિવારના સહુનું ધ્યાન રાખતી, પરંતુ પુત્ર તેને સૌથી વધુ પ્રિય હતો.[૩] તે પુત્રનું જીવની જેમ જતન કરતી. એટલે જ તો પ્રશ્નોપનિષદમાં[૪] ઈશ્વરને પ્રાર્થના કરતાં કહ્યું છે, 'જે રીતે માતા પુત્રની રક્ષા કરે છે તે જ રીતે તમે મારું રક્ષણ કરો...'

માતા પુત્રની રક્ષા કરતી, તો સામે પક્ષે પુત્ર પણ માતાનું માન જાળવતો. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પુત્ર સર્વપ્રથમ માતાની અનુમતિ લેતો.[૫] તેના પરથી માતાના પારિવારિક મહત્ત્વનો અંદાજ આવે છે. જોકે માતાનું પદ તો પિતા અને ગુરુ કરતાં પણ શ્રેષ્ઠ ગણાયું છે. એટલે જ કદાચ એ યુગમાં પુત્રના નામ પાછળ માતાનું નામ જોડાયું હોય એવા દૃષ્ટાંત પણ જોવા મળે છે. આ સંદર્ભમાં ડૉ. બલવીર આચાર્યે નોંધ્યું છે કે, 'ઐતરેય બ્રાહ્મણના રચયિતા મહીદાસ પોતાની માતા ઇતરાના નામે પ્રસિદ્ધ થયા. ઉપરાંત સત્યકામ જાબાલા અને કાદ્રવેયનો ઉલ્લેખ પણ માતાના નામ સાથે થયો છે. તેના પરથી પુરવાર થાય છે કે એ કાળમાં સંતાન માતાના નામથી પ્રસિદ્ધ થઈ શકતા અને સમાજમાં તેમને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત થતી હતી.'[૬] મમતાના વંશજ મામતેય, પારશરીપુત્ર, પૈંગલીપુત્ર, ભારદ્વાજીપુત્ર અને વાત્સીપુત્રને[૭] પણ એ જ રીતે પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ હતી. આ ઉદારહણો પરથી માતાની ગૌરવપૂર્ણ સ્થિતિ પુરવાર થાય છે.

માતાની તુલનામાં બહેનની સ્થિતિ ઝાઝી ગૌરવપૂર્ણ ન હતી. ઐતરેય બ્રાહ્મણ અનુસાર પિતા મૃત્યુ પામ્યા હોય અથવા સક્ષમ હોય તો એવા સંજોગોમાં બહેને ભાઈભાભી પર આશ્રિત રહેવું પડતું. જોકે ભાઈબહેનનો સંબંધ સ્નેહપૂર્ણ હોવા છતાં નણંદભોજાઈમાં પ્રેમ અને ઉષ્માનો અભાવ વર્તાતો. તેનું કારણ જણાવતાં ડૉ. વિજય બહાદુર રાવે લખ્યું છે કે, 'નણંદ અને ભાભીમાં સ્નેહસંબંધ ન હોવાનું કારણ મનોવૈજ્ઞાનિક હતું. બન્નેની સ્થિતિ સમાન હતી. નણંદ પોતાના ભાઈના લાડ અને માતાના પ્રેમની પાત્ર હોવાના કારણે પરિવારમાં તેનું સ્થાન મહત્ત્વપૂર્ણ હતું. પરંતુ નવવધૂ પરિવારના સભ્યોનો સ્નેહ પ્રાપ્ત કરવાની સાથે જ કાળક્રમે નણંદ પર શાસન કરવા લાગતી. તેથી નણંદનું ઈર્ષાળુ થવું સ્વાભાવિક હતું. ઐતરેય બ્રાહ્મણમાં તો સ્પષ્ટ કહ્યું છે કે નણંદે ભાભીના આશ્રિત થઈને જ રહેવું પડે છે.'[૮] એટલે એમ કહી શકાય કે પરિવારમાં બહેનની સ્થિતિ ખાસ સન્માનજનક ન હતી.

એ જ બહેન જ્યારે વધૂ બનીને સાસરે જાય ત્યારે તેનાં માનપાન આપોઆપ વધી જતાં. તે નણંદ પર શાસન કરવા લાગતી. દિયર પર પણ તેનો પ્રભાવ પડતો. યાસ્કે દેવરનો અર્થ બીજો વર કર્યું છે. વૈદિક યુગમાં પતિના મૃત્યુ પછી વિધવાના વિવાહ ઘણું કરીને દિયર સાથે થતા. આવી સામાજિક વ્યવસ્થાના કારણે વધૂના હૃદયમાં દિયર પ્રત્યે એક અજ્ઞાત ભય પણ ઉદ્‌ભવતો. આ કારણસર પણ તે દિયરને આદર આપતી. એ જ રીતે સાસુસસરાને પણ વધૂ આદર આપતી. સસરા સમક્ષ વધૂ અનુશાસનમાં રહેતી. સસરા

અને પુત્રવધૂનો વ્યવહાર અત્યંત ગરિમાપૂર્ણ હોય એવી અપેક્ષા કરવામાં આવતી. એટલે જ મૈત્રાયણી સંહિતામાં એક ઠેકાણે સુરાપાનનો નિષેધ કારાયો છે. તેનું કારણ આપતાં જણાવ્યું છે કે સુરાના પ્રભાવમાં સસરા અને પુત્રવધૂ પણ પરસ્પર અભદ્ર વાતો કરે છે. ઐતરેય બ્રાહ્મણમાં સસરા અને પુત્રવધૂના રૂપક દ્વારા શત્રુસેનાને શક્તિહીન કરતા અનુષ્ઠાનનો ઉલ્લેખ કરાયો છે. એ મુજબ, જે પ્રકારે પુત્રવધૂ સસરા સમક્ષ લજ્જાવશ પોતાને વસ્ત્રોથી ઢાંકી દઈને ધીરેથી ઘરની અંદર સરકી જાય છે તે જ રીતનું આચરણ આ વિશેષ યજ્ઞના પ્રભાવથી શત્રુસેના કરે છે![૯]

માતા, બહેન અને વધૂ... ઉત્તર વૈદિક કાળમાં સ્ત્રીનાં આ ત્રણેય સ્વરૂપ જોવા મળે છે. પરંતુ તેમાં સૌથી વધુ મહાત્મ્ય તો માતાનું જ હતું. એટલે જ તો કહેવાય છે કે ગોળ વિના મોળો કંસાર ને માતા વિના સૂનો સંસાર!

**સંદર્ભોઃ**


૧. मातृदेवो भवः । તૈતિરીય ઉપનિષદ ૧૧.૧

- માતાને દેવની જેમ પૂજવી

૨. છાંદોગ્યોપનિષદ, વાસુદેવ મહાશંકર જોષી, પૃ. ૩૧૪

૩. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૧૬

૪. मातैव पुत्रान् रक्षति । પ્રશ્નોપનિષદ ૩.૧૩

- જે રીતે માતા પુત્રની રક્ષા કરે છે તે જ રીતે તમે મારું રક્ષણ કરો.

૫. ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન, ડૉ. બલવીર આચાર્ય, પૃ. ૪૦

૬. એજન, પૃ. ૩૪

૭. વૈદિક ઈન્ડેક્સ, ભાગ-૨, ડૉ. એ.એ. મેકડોનેલ, ડૉ. એ.બી. કીથ, પૃ. ૧૧૨, ૧૭૧

૮. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૫૦

૯. એજન, પૃ. ૧૫૧


(ક્રમશઃ)


(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)


*॥ વિદ્યાવૃત્ત ॥*

## સી.વી.એમ. ઉચ્ચતર માધ્યમિક શાળા (હોમ સાયન્સ)

'વિશ્વ અન્ન દિન' નિમિત્તે તાજેતરમાં શાળામાં ઈન્ટર સ્કૂલ મૌલિક વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિવિશેષ પદે નેચર ક્લબ આણંદના ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી ધવલભાઈ પટેલ હતા. મુખ્ય મહેમાન તથા વક્તા તરીકે એસ.એમ. પટેલ કૉલેજ ઑફ હોમ સાયન્સનાં પ્રો. ભાવનાબેન ચૌહાણ હતાં. તેમણે પ્રાસંગિક વક્તવ્ય આપી સૌને સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અધ્યક્ષ પદે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ હતા. મંડળ સંચાલિત વિવિધ સંસ્થાની બહેનોએ ભાગ લીધો હતો. પ્રાથમિક વિભાગમાં કુ. નિધિ પ્રજાપતિ (ગો.જો. શારદા મંદિર) પ્રથમ તથા કુ. જવાલી માછી (એમ.એસ. મિસ્ત્રી પ્રા. શાળા) દ્વિતીય ક્રમે આવ્યાં હતાં. માધ્યમિક વિભાગમાં કુ. પ્રિન્સી સિહોરા (ગો. જો. શારદા મંદિર) પ્રથમ, કુ. નિતલ પંચાલ (એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ) દ્વિતીય તથા નવીન પંચાલ (આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ) તૃતીય ક્રમે આવ્યા હતા. ઉ.મા. વિભાગમાં સ્થાનિક શાળાનાં દિપ્તી વણઝારા પ્રથમ, બિજલ વાળા દ્વિતીય અને રેમી પટેલ તૃતીય હતા. ઈન્ચાર્જ આચાર્ય મનિષાબેન સોનીએ સૌને અભિનંદન પાઠવી સંતોષ વ્યક્ત કર્યો હતો.

## સાયકલ સ્પર્ધામાં સી.વી.એમ.નું ગૌરવ

તાજેતરમાં રાજ્યકક્ષાની શાળાકીય સાયકલ સ્પર્ધા વડોદરા ખાતે યોજાઈ હતી. તેમાં અન્ડર-૧૭ના વિભાગમાં અર્જુન નાનજીભાઈ પટેલ (આર.પી.ટી.પી. હાયર સેકન્ડરી) પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. અંડર-૧૭ ગર્લ્સ વિભાગમાં કુ. અંજલિ નાનજીભાઈ પટેલ (ગો.જો. શારદા મંદિર) પ્રથમ ક્રમે આવ્યાં હતાં. જ્યારે અન્ડર-૧૪ વિભાગમાં કૃષ્ણકુમાર નાનજીભાઈ પટેલ (એમ.એસ. મિસ્ત્રી પ્રા. શાળા) તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ તમામને તાલીમ અને માર્ગદર્શન શ્રી નીતિનભાઈ વી. પટેલે પૂરું પાડ્યું હતું. જિલ્લા રમત-ગમત અધિકારી શ્રી રાજુભાઈ વસાવાએ અભિનંદન પાઠવ્યા હતા.

પિતા નાનજીભાઈ પટેલ દર્શન સોસાયટી પ્રા. શાળામાં શિક્ષક છે. તેમના ત્રણે સંતાનોએ વિજેતા બની સી.વી.એમ.નું ગૌરવ વધાર્યું છે.

### ટી.વી. પટેલ – સામાન્ય પ્રવાહનું ગૌરવ

ધો. ૧૨ના વિદ્યાર્થી નિખિલ એમ. પારેખ રાઈફલ શૂટીંગ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે. સપ્ટેમ્બર-૧૩માં યોજાયેલ આઠમી શાંતિલાલ કે. પંચાલ મેમોરયલ, આણંદ ડિસ્ટ્રિક્ટ રાઈફલ શૂટીંગ ચેમ્પિયન શીપમાં ૯૬ સ્પર્ધકોમાંથી બેસ્ટ ફાયરર બન્યા હતા. તેમણે સુવર્ણ ચંદ્રક તથા પ્રમાણપત્ર મેળવ્યા હતા. અમદાવાદ ડિસ્ટ્રિક્ટની સ્પર્ધામાં પણ તેઓ ભાગ લઈ રહ્યા છે. આચાર્યશ્રી વિજયભાઈ સુથારના પ્રયાસોથી તાલીમ માટે રાઈફલની કાયમી વ્યવસ્થા કરવા માટે માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ સાથે પરામર્શ કરવામાં આવ્યો છે.

### આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

વાડોકાઈ કરાટે કોમ્પિટીશન એસોસીએશન દ્વારા નવેમ્બર ૨૦૧૩માં દમણ ખાતે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આણંદ જિલ્લાના ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તે પૈકી આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના ધો. ૧૦ બ ના વિદ્યાર્થી પટેલ ધૈર્ય પ્રજ્ઞેશભાઈએ પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. ભારતના વિવિધ રાજ્યો ઉપરાંત શ્રીલંકા અને નેપાળના સ્પર્ધકો પણ હતા.

આચાર્ય ડૉ. મહેશભાઈ ખ્રિસ્તીના નેતૃત્વમાં વ્યાયામ શિક્ષક મહેશભાઈએ તાલીમ પૂરી પાડી હતી. ચારુતર વિદ્યામંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલ તથા માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

### એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ

તાજેતરમાં અંડર-૧૬ ભાઈઓ માટેની રાજ્યકક્ષાની કુસ્તી સ્પર્ધા સુરેન્દ્રનગર ખાતે યોજાઈ હતી. ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગરના પાંચ વિદ્યાર્થીઓએ તેમાં સિદ્ધિ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

કિશન કનોજીયા – ૫૨ કિ.ગ્રા. વજન ગૃપમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ, સતીષ ભરવાડ – ૫૮ કિ.ગ્રા. વજન ગૃપમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ, અક્રમ પઠાણ – ૪૬ કિ.ગ્રા. વજન ગૃ-પમાં દ્વિતીય આવી સિલ્વર મેડલ, સાકીબ કુરેશી – ૪૨ કિ.ગ્રા. વજન ગૃપમાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ તથા નિમેષ પરમાર ૮૫ કિ.ગ્રા. વજન ગૃપમાં તૃતીય આવી બ્રોન્ઝ મેડલ મેળવે છે. વ્યાયામ શિક્ષક શ્રી નીતિન પટેલે તાલીમ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય ડૉ. દીપક પટેલ તથા સુપરવાઈઝર એસ.કે. ઉપાધ્યાયે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

### સેમકોમ 'મોનેટા ૨૦૧૩' સ્પર્ધામાં વિજેતા

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજના ૧૨ વિદ્યાર્થીઓએ તાજેતરમાં એસ.પી. મંડળીની આર.એ. પોદાર કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ ઈકોનોમિક્સ દ્વારા આયોજિત 'મોનેટા ૨૦૧૩', મુંબઈ સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

'મોનેટા ૨૦૧૩' એ એક રાષ્ટ્રીય સ્તરે ઘણા મોટા પાયે યોજાતી નાણાકીય હરીફાઈ છે. આ સ્પર્ધા આર. જે. કૉલેજ, મુંબઈના વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવે છે. સેમકોમના વિદ્યાર્થીઓએ કુલ ૧૧ સ્પર્ધાઓમાં ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. જેમાં સેમકોમ કૉલેજના ગૃપ લીડર જીજ્ઞેશ મિયાની અને તેના સાથી આદર્શ બોહરાએ મોનેટા ૨૦૧૩ અંતર્ગત યોજાયેલ 'બુલરીંગ' અને 'બ્લેક ગોલ્ડ' સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રૂા. ૮૫,૦૦૦/-નું રોકડ પુરસ્કાર અને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. જ્યારે સેમકોમના અન્ય વિદ્યાર્થીઓ શરદ બ્રહ્મભટ્ટ અને કિશન પેથાપુરિયાએ મોનેટા ૨૦૧૩ અંતર્ગત 'સીએફઓ ચેલેન્જ'માં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત શરદ બ્રહ્મભટ્ટે 'સ્પોક્સપર્સન' સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ભારતભરમાંથી બાવન કૉલેજોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઓવરઓલ સેમકોમ કૉલેજે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

આચાર્ય ડૉ. નિખિલ ઝવેરી, સ્ટુડન્ટ કાઉન્સિલના વાઈસ પ્રેસિડન્ડ ડૉ. અંકુર અમીન અને કૉલેજના સ્ટાફે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## 'જ્યોતિર્ધર અભિયાન' અંતર્ગત શિક્ષક સેમિનાર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની સજ્જતા કેળવવાના હેતુથી 'જ્યોતિર્ધર અભિયાન' હેઠળ ચારુતર વિદ્યામંડળે તા. ૧૩મી ડિસેમ્બરના રોજ સાપુરજી હૉલ ખાતે 'શિક્ષક સેમિનાર'નું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમના પ્રમુખશ્રી જ્યોતિર્ધર અભિયાનના પ્રણેતા શ્રી મહાદેવભાઈ દેસાઈ હતા તથા અતિથિ વિશેષ તરીકે ડૉ. રાજેશ પટેલ તથા ડૉ. અતુલ ઉનાગરે હાજરી આપી હતી. શ્રી મહાદેવભાઈ દેસાઈ કે જેઓએ પોતાનું સમગ્ર જીવન શિક્ષક અને શિક્ષણ માટે વ્યતીત કરી સાર્થક કર્યું છે. ઉપરાંત તેઓશ્રી 'વાંચે ગુજરાત'ના મંત્રી પણ છે. મહાદેવભાઈએ જ્યોતિર્ધર અભિયાનમાં જોડાવવા માટે સી.વી.એમ.ના શિક્ષકોને હાકલ કરી અને શિક્ષકોએ તેમના અંતરાત્માને જગાડવાનો પ્રયત્ન કર્યો. અતિથિવિશેષ ડૉ. રાજેશ પટેલ કે જેઓ એસ. પી. યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર છે તેઓશ્રીએ જણાવ્યું કે શિક્ષક જ સમાજનો પાયો છે અને પરિવર્તન શિક્ષક દ્વારા જ આવી શકે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલિન તથા ગો. જો. શારદામંદિરનાં આચાર્ય શ્રીમતી રીટાબેન પટેલે કર્યું હતું.

## 'માનવ અધિકાર દિન'ની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (માધ્યમિક વિભાગ) વિદ્યાનગરમાં ૧૦ ડિસેમ્બરના રોજ 'માનવ અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવી. નાગરિકોના મૂળભૂત હક્કો તથા ફરજો વિશેની વિસ્તૃત માહિતી, મઠપાલ પ્રાચિ, પટેલ શ્રુતિ, મધાની શ્રુતિ, પંચોળી વિશ્વા, દવે ધાર્મિક, ચૌહાણ હેત, સુથાર પ્રાપ્તિ દ્વારા આપવામાં આવી.

'માનવ અધિકાર'ની માહિતી આપતું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મીત પટેલ તથા ક્રીન્ચુ પટેલ દ્વારા શાળાના શિક્ષક રાજેશ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો ભાવેશ ભટ્ટ તથા દર્શન સુધાર દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના સુંદર આયોજન બદલ પ્રિન્સિપાલ ડૉ. મહેશ સ્ટેલિન તથા સુપરવાઈઝર શ્રી મહેન્દ્રભાઈ સેવકે સમગ્ર શિક્ષકોને બિરદાવ્યા હતા.

## ગો.જો. શારદામંદિરમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓ

આણંદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પરિપત્ર અનુસાર સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તથા સરદાર વલ્લભભાઈ પટેલની ૬૩મી પુણ્યતિથિ નિમિત્તે રન ફોર યુનિટી અંતર્ગત QDC કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ ગો.જો. શારદામંદિર, વિદ્યાનગરમાં યોજવામાં આવી હતી જેના વિજેતા નીચે મુજબ છેઃ

(૧) નિબંધ સ્પર્ધાઃ (સરદાર વલ્લભભાઈ પટેલ વિશે) પ્રથમઃ નમીરા એસ. વહોરા, ગો.જો. શારદામંદિર, દ્વિતીયઃ ઈશાન એ. શાહ, એમ. યુ. પટેલ ટેકનિકલ સ્કૂલ, તૃતીયઃવિધિ જી. સોલંકી, ગો. જો. શારદામંદિર.

(૨) વક્તૃત્વ સ્પર્ધાઃ (રન પોર યુનિટી અંતર્ગત સરદાર પટેલના જીવન વિશે) પ્રથમઃ શાહિલ ડી. મુલતાની, એમ.યુ. પટેલ ટેકનિકલ સ્કૂલ, દ્વિતીયઃ ચિંતન આર. રબારી, એમ.યુ. પટેલ ટેકનિકલ સ્કૂલ, તૃતીયઃ શ્રેય એસ. પ્રજાપતિ, એમ.યુ. પટેલ ટેકનિકલ સ્કૂલ.

(૩) ચિત્ર સ્પર્ધાઃ (રન ફોર યુનિટી અંતર્ગત) પ્રથમઃ રોશની એ. હિરાણી, ગો.જો. શારદામંદિર, દ્વિતીયઃ રોનક બી. પટેલ, એમ.યુ. પટેલ ટેકનિકલ સ્કૂલ, તૃતીયઃ માધવી ડી. રાજપરા, ગો.જો. શારદામંદિર

આ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ગો.જો. શારદામંદિર તથા એમ.યુ. પટેલ સ્કૂલના શિક્ષકોએ ફરજ બજાવી હતી. વિજેતાઓને શાળાનાં આચાર્ય શ્રી રીટાબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## ગો.જો. શારદામંદિરનું ગૌરવ

જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લા કક્ષાની ખેલમહાકુંભની તરણ સ્પર્ધા તા. ૧-૧૨-૧૩ના રોજ સારસા સત્કૈવલ પાઠશાળા ખાતે યોજાઈ ગઈ. તેમાં ગો.જો. શારદામંદિરની વિદ્યાર્થિની

ધો. ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની અંજલિ નાનજીભાઈ પટેલ અંડર-૧૬ ગર્લ્સ વિભાગમાં (૧) ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં પ્રથમ, (૨) ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં પ્રથમ, (૩) ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં પ્રથમ.

ઉપરોક્ત ત્રણેય ઈવેન્ટમાં જિલ્લામાં પ્રથમ નંબર મેળવી આવતા મહિને સુરત ખાતે યોજાનાર રાજ્યકક્ષાની તરણ સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે અંજલિ પટેલ અંડર-૧૬માં છેલ્લા ત્રણ વર્ષથી બ્રેસ્ટ સ્ટ્રોકમાં જિલ્લાની ત્રણેય ઈવેન્ટમાં જિલ્લા ચેમ્પિયન છે. ઉત્કૃષ્ઠ દેખાવ બદલ ચારુતર વિદ્યામંડળ શાળા પરિવાર અને આચાર્યશ્રી રીટાબેને હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

### વેમેડ કૉલેજમાં 'આવરણ' પુસ્તક વિમોચન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વેમેડ કૉલેજ ઑફ ઍજ્યુકેશનમાં ભારતીય વિચાર મંચના સહયોગથી ડૉ. એસ.એલ. ભૈરપ્પા લિખિત અને સિદ્ધા દીક્ષિત દ્વારા અનુવાદિત 'આવરણ' પુસ્તકનો વિમોચન તથા પરિસંવાદનો કાર્યક્રમ તા. ૨-૧૨-૧૩ના રોજ યોજાયો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ હતા, મુખ્ય વક્તા 'આવરણ' પુસ્તકના લેખક અને પ્રસિદ્ધ કન્નડ સાહિત્યકાર ડૉ. એસ.એલ. ભૈરપ્પા હતા. આ ઉપરાંત ભારતીય વિચાર મંચના પ્રદેશ મંત્રી શ્રી દેવાંગભાઈ આચાર્ય અને આણંદ એકમના પ્રમુખ ડૉ. મહેન્દ્રભાઈ નાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. ભૈરપ્પા આપણા દેશના એક પ્રસિદ્ધ સાહિત્યકાર છે. તેઓએ ૬૦થી વધુ પુસ્તકો અને અનેક શોધનિબંધો લખ્યા છે. તેમના પુસ્તકોની અનેક આવૃત્તિ ભારતની લગભગ દરેક ભાષામાં અનુવાદિત થઈ છે. તેઓશ્રીને તેમની 'મંદ્ર' નવલકથા માટે વર્ષ ૨૦૧૦માં ભારતના સાહિત્યનો સર્વોચ્ચ 'સરસ્વતી પુરસ્કાર' પ્રાપ્ત થયેલો છે. આ ઉપરાતં દેશવિદેશના અનેક એવોર્ડ અને સન્માન તેઓને અર્પણ થયેલાં છે. આવા ઉચ્ચકોટિના સાહિત્યકારની રચના 'આવરણ'ની ગુજરાતી આવૃત્તિનો વિમોચનનો કાર્યક્રમ વેમેડ કૉલેજમાં યોજાઈ ગયો. 'આવરણ' પુસ્તકે ભારતના ઐતિહાસિક તથ્યોના સંદર્ભમાં વર્તમાનને સાંકળીને લખાયેલું પુસ્તક છે કે જેની ટૂંક સમયમાં જ કન્નડ ભાષામાં ૩૬ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે અને અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયેલો છે.

પુસ્તક વિમોચનના કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ, ત્યારબાદ સંસ્થાના સંવાહક ડૉ. સુલભા નટરાજે મહેમાનશ્રીઓને આવકાર્યાં હતાં શ્રી દેવાંગભાઈ આચાર્યે ભારતીય વિચાર મંચનો પરિચય આપ્યો. મુખ્ય વક્તા ડૉ. ભૈરપ્પાજીએ પુસ્તકનો પરિચય કરાવી વિસ્તૃત છણાવટ કરી. પુસ્તકના વિષયવસ્તુ આધારિત પ્રશ્નોત્તરી યોજાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજની વિદ્યાર્થિની કુ. જ્યોતિએ કર્યું હતું.

### વિજ્ઞાનપ્રવાહ (આર.પી.ટી.પી.) પરિણામ

#### પ્રથમ સેમિસ્ટર – ૨૦૧૩

બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ ૯૨.૮૪ આવ્યું છે. ૧૦૩૫ વિદ્યાર્થીઓ પૈકી ૯૫૯ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એ-૧ ગ્રેડમાં ૦૪, એ-૨ ગ્રેડમાં ૩૦, બી-૧ ગ્રેડમાં ૫૮, બી-૨ ગ્રેડમાં ૧૩૪, સી-૧ ગ્રેડમાં ૨૦૫, સી-૨ ગ્રેડમાં ૩૧૭, ડી ગ્રેડમાં ૨૧૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

#### તૃતીય સેમિસ્ટર – ૨૦૧૩

બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ ૯૮.૪૩% આવ્યું છે. ૮૯૫ વિદ્યાર્થીઓ પૈકી ૮૮૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એ-૧ ગ્રેડમાં ૦૧, એ-૨ ગ્રેડમાં ૩૪, બી-૧ ગ્રેડમાં ૮૬, બી-૨ ગ્રેડમાં ૧૭૫, સી-૧ ગ્રેડમાં ૨૪૨, સી-૨ ગ્રેડમાં ૨૪૮, ડી ગ્રેડમાં ૯૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ, માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ તથા માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે આચાર્યશ્રી સંજયભાઈ સુથાર તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

## સી.વી.એમ. શાળા પરિવાર ઇનામ વિતરણ સમારંભ

માર્ચ-૨૦૧૩ની એસ.એસ.સી. બૉર્ડની પરીક્ષાના ચારુતર વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળાના તેજસ્વી તારલાઓનો સંયુક્ત ઇનામ વિતરણ સમારંભ વાસંતીબેન એન્ડ ચંદુભાઈ પટેલ ઈંગ્લિશ સ્કૂલના યજમાનપદે યોજાઈ ગયો. આચાર્ય માધુરી રવિશંકરે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યાં હતાં. તમામ પાંચ શાળાઓના આચાર્યશ્રીઓ દ્વારા પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મહાનુભાવોના વરદ્ હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર તથા પુસ્તકો ભેટ સ્વરૂપે એનાયત કરવામાં આવ્યાં હતાં. સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉચ્ચ શિક્ષણમાં આવાં જ પરિણામો મેળવવા માટે પરિશ્રમ કરવાની અપીલ કરી હતી. સમારંભના અધ્યક્ષ અને મંડળના ચેરમેન ડૉ. સી.એલ. પટેલે પૂ. ભાઈકાકા તથા પૂ. ભીખાભાઈ સાહેબે શરૂ કરેલા શિક્ષણના યજ્ઞના વ્યાપ બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સદ્ગુણો કેળવવા શીખ આપી હતી. આ પ્રસંગે મંડળના પદાધિકારીઓ ઉપરાંત ભગિની સંસ્થાના આચાર્યશ્રીઓ તથા મુખ્ય દાતા શ્રીમતી વાસંતીબેન પટેલ ખાસ હાજર રહ્યાં હતાં.

## એન.સી.સી. કેમ્પમાં ઉત્તમ દેખાવ

તાજેતરમાં થામણા ખાતે ૧૦ દિવસીય કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પમાં ૯ કેડેટ્સ બહેનોએ ભાગ લીધો હતો. ડ્રીલ, ફાયરીંગ, વેપન ટ્રેનિંગ, મેપ રીડિંગ તથા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કુ. દુલારી દવેએ કંપની સિનિયરની પોસ્ટ મેળવી છે. કુ. માનસી બ્રહ્મભટ્ટે ક્વાટર ગાર્ડની પોસ્ટ અને ડ્રીલ તથા પાઈલોટીંગમાં મેડલ મેળવ્યો છે. કુ. ધ્રુવા પટેલે ક્વાટર ગાર્ડ ઉપરાંત પાઈલોટીંગમાં મેડલ પ્રાપ્ત કર્યા છે. કુ. દિપ્તી વણઝારા તથા જલ્પા રાઠોડે પણ આવું જ બહુમાન મેળવ્યું છે.

ઇન્ચાર્જ આચાર્યા શ્રીમતી મનીષાબેન સોની તથા એન.સી.સી. ઇન્ચાર્જ શ્રીમતી સુચિતાબેન ખરાદીએ બહેનોને અભિનંદન પાઠવ્યાં છે.

## ઈપ્કોવાલા – સંતરામ કૉલેજ

ઈપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં તા. ૧૩ ડિસે. ૨૦૧૩ના રોજ જેન્ડર રિસોર્સ સેન્ટર અમદાવાદ દ્વારા ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાઈ ગયો. જીઆરસીના રિસોર્સ ઓફિસર મીતા પટેલ તથા શૈલેન્દ્રકુમારી ઝાલા અત્રે પધારી વિદ્યાર્થીઓને પોસ્ટર સ્પર્ધા પૂર્વે વિષયલક્ષી સમજ આપી હતી. કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

તા. ૧૭-૧૨-૨૦૧૩ના રોજ સુશીલા મેમોરિયલ પોર્ટ્રેઈટ કોમ્પિટિશન યોજાઈ ગઈ. આશરે ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ તથા પ્રો. સુરેશભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રા. કિશોરભાઈ નરખડીવાલાએ કર્યું હતું.

## આરોગ્ય જાગૃતિ અંગે પ્રવચન

એમ.યુ. પટેલ (ટેક.) હાઈસ્કૂલ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉન્નતિ માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. ખાસ કરીને વિદ્યાર્થીઓમાં નૈતિક જીવન મૂલ્યો વિકસે તથા તેઓ આરોગ્ય માટે પણ જાગૃત રહે તેવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરવામાં આવે છે. તેમાં આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ તથા નિરીક્ષક શ્રી એમ.પી. ચૌહાણ દ્વારા તજ્જ્ઞોના પ્રવચનોનું આયોજન થાય છે. તેના ભાગરૂપે તારીખ ૩ અને ૫ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ ડૉ. જીતેન્દ્ર સોઢા, આયુર્વેદાચાર્યનું પ્રવચન યોજાયું હતું. તેઓએ વિદ્યાર્થીઓને રસપ્રદ અને રમૂજી ભાષામાં આરોગ્ય કેવી રીતે જાળવવું, રોગ કેવી રીતે ન થાય અને જો થયો હોય તો કેવી રીતે ઉપચાર કરવો વગેરેની વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ સામાન્ય દર્દોમાં વપરાતી દવા ઘરે કેવી રીતે બનાવવી શકાય તેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. હઠીલા રોગોમાં આયુર્વેદનો કેવી રીતે ઉપયોગ કરવો તેની પણ માહિતી આપી હતી.

સમગ્ર પ્રવચન વિદ્યાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક અને જાણવાની જિજ્ઞાસાથી સાંભળી લાભ લીધો હતો.



# અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનો ઋણસ્વીકાર



પૂ.ભાઈકાકા



પૂ.ભીખાભાઈ સાહેબ



ડૉ.એચ.એમ.પટેલ



ડૉ.સી.એલ.પટેલ

ચરોતરના મહાન સપૂત અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યાઈસભર પ્રેરણાથી પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબે ૧૯૪૫–'૪૬માં ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરની સ્થાપના કરીને સમાજના વિશાળ હિતમાં નવતર શિક્ષણયજ્ઞ આરંભ્યો. નિષ્ઠાવાન સનદી અધિકારી રહેલા ડૉ.એચ.એમ.પટેલ સાહેબે એનું સુપેરે સંવર્ધન કર્યું. ૧૯૯૪થી આદ્યસ્થાપકોએ ચીંધેલા માર્ગે આ શિક્ષણયજ્ઞની જ્યોતને પ્રજ્વલિત રાખતાં શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલે ઘરઆંગણે એકવીસમી સદીની માંગને અનુરૂપ અદ્યતન શિક્ષણસંસ્થાઓની સ્થાપનાની સાથે જ ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્માનું પુણ્યકાર્ય કરતાં આધુનિક શિક્ષણના શિલ્પી તરીકે વિનમ્રભાવે યોગદાન કર્યું.

સમગ્ર દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન માટેની સૌપ્રથમ સંસ્થા 'સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ) રૂા. ૭ કરોડના ખર્ચે સ્થાપવાનું બીડું ડૉ.સી.એલ.પટેલના નેતૃત્વમાં ચારુતર વિદ્યામંડળે ઝડપ્યું. આ સંસ્થામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં સરદાર સાહેબ વિશે સંશોધનકાર્ય કરવા ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનોને આ કામમાં જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. હવે સરદાર પટેલ ભણીના ઋણસ્વીકારના આ પડકારને પહોંચી વળવાની નૈતિક જવાબદારી સમગ્ર ચરોતર પ્રદેશ સહિતના દેશ–વિદેશવાસી ભારતીયોની છે. સરદાર પટેલ અંગેના સંશોધન કાર્યને વેગ આપવા માટે જે સરદારપ્રેમીઓ આર્થિક સહયોગ આપવા ઈચ્છુક હોય તેમને ચારુતર વિદ્યામંડળનો સંપર્ક કરવા જણાવાયુંછે. સંસ્થા ૮૦–જીનું પ્રમાણપત્ર ધરાવે છે. સહયોગ પ્રદાન કરવા ઈચ્છુકોને "CHARUTAR VIDYA MANDAL"ના નામનો A/c Payee's ચેક/ડ્રાફ્ટ પાઠવવા અનુરોધ છે. અમેરિકાનિવાસી સહયોગઈચ્છુકો માટે સંપર્ક : Education and Health USA International Inc. Windsor Ridge DR, IRVING TX 75038. Bank Name: Chase Bank, JPMorgan Chase bank, N.A.P O Box 260180, Baton Rouge, LA 70826-0180,Account No.: 720072370,Routing No.:111000614,Contact Name: Kirit Patel, Tel No. 817-423-3301 (Home),817-994-5610,817-793-2106 (Cell)


## ચારુતર વિદ્યામંડળ

પો.બોક્સ નં.૨૨, વલ્લભ વિદ્યાનગર– ૩૮૮૧૨૦ જિ.આણંદ
ફોન. (૦૨૬૯૨) ૨૩૮૪૦૦ ફેક્સ : (૦૨૬૯૨) ૨૩૬૪૯૩
વેબ : www.ecvm.net ઈમેઈલ : cvmandal@hotmail.com

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા (૯૩૭૫૦૩૧૪૦૨), ડૉ. હરિ દેસાઈ (૯૮૯૮૫૪૩૮૮૧),**
**સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ.**
**ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭૭, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-
આજીવનઃ ₹ ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £
છૂટક નકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




ચારુતર વિદ્યામંડળસંચાલિત આઈસ્ટારની ગ્રેજ્યુએટ મીટ-૨૦૧૩નું દીપપ્રાગટ્ય કરીને સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે યુનિવર્સિટી ઑફ સિનસિનાટીનાં પ્રાધ્યાપક ડૉ. કેરલ રાઈસ, સીવીએમના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ, માનદ સહમંત્રીઓ ડૉ. એસ.જી. પટેલ અને શ્રી એમ.જે. પટેલ તેમજ આઈસ્ટારના નિયામક ડૉ. પી.એમ. ઉદાણી દશ્યમાન છે.




દેશ-વિદેશમાં લોકપ્રિય કન્નડ નવલકથાકાર ડૉ. એસ.એલ. ભૈરપ્પાલિખિત ઐતિહાસિક નવલકથા ‘આવરણ’ના ગુજરાતી અનુવાદનું સીવીએમસંચાલિત વેમેડ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં લોકાર્પણ થયું હતું. આ પ્રસંગે લેખક ડૉ. ભૈરપ્પા, સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ, ભારતીય વિચારમંચના પ્રદેશમંત્રી શ્રી દેવાંગ આચાર્ય અને આણંદ જિલ્લા સંયોજક ડૉ. મહેન્દ્ર નાઈ તેમજ વેમેડનાં આચાર્ય ડૉ. સુલભા નટરાજ ઉપસ્થિત હતાં.

V-Vidyanagar 16 (1) January 2014 Postal Regd.No.AND/318/2012-14
Published on Tuesday : 31.12.2013 No.of Pages 40 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# Youth Power



Pic by Anton Chauhan

UDAAN 2013

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat